MANOGAT • Year-39 • Issue-20 • 25 January 2021 • Posh Sud 12, Samva 2077 • Yugabd 5122 • Price : Rs. 5/- • Pages : 28





# મનોગત

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ
योगः कर्मसु कौशलम् ।



## ગુજરાત ફરી મોદીની સાથે

## થઈ રહ્યો છે વિકાસ ભાજપ પર જ વિશ્વાસ



# આપણા પ્રદેશ પ્રમુખ આપણી સાથે

## પ્રદેશ પ્રમુખ શ્રી સી. આર. પાટીલની અધ્યક્ષતામાં યોજાયેલ સરપંચ સંવાદ કાર્યક્રમની તસવીરો















Year : 39, Issue : 20, Pages : 28

## તંત્રીસ્થાનેથી

# કમળને વિજયી બનાવવા કટિબદ્ધ બનીએ

પ્રિય કાર્યકર્તા બંધુ/ભગિની,

નમસ્કાર.

ગુજરાત રાજ્યની ૬ મહાનગરપાલિકા, ૮૧ નગરપાલિકા, ૩૧ જિલ્લા પંચાયતો અને ૨૩૧ તાલુકા પંચાયતોની ચૂંટણી જાહેર થઈ ગઈ છે.

પક્ષના ઉમેદવારની પસંદગીની પ્રક્રિયા ચાલી રહી છે. ઘણાં બધાં પરિબળોને ધ્યાને રાખીને પક્ષ ઉમેદવારની પસંદગી કરતો હોય છે. તમામ બાબતોને ધ્યાને રાખીને જીતવાની ગણતરી સાથે નક્કી કરાયેલ ઉમેદવાર - વ્યક્તિ મટીને ભાજપનો પ્રતિનિધિ ઘોષિત થતો હોય છે ત્યારે વ્યક્તિગત ગમા-અણગમા, જ્ઞાતિ, જાતિ, ભૂગોળ વગેરે તમામ બાબતોને બાજુ પર મૂકીને ‘કમળ’ને વિજયી બનાવવા આપણે સૌએ કટિબદ્ધ બનવું જોઈએ.

આપણા સૌ પાસે માન. શ્રી નરેન્દ્રભાઈ મોદી જેવું દેશપ્રેમી, મજબૂત, સક્ષમ, પ્રામાણિક અને પુરુષાર્થી નેતૃત્વ છે. કેન્દ્ર, રાજ્ય અને સ્થાનિક સરકારો દ્વારા થયેલાં અભૂતપૂર્વ વિકાસકામો છે. પ્રતિબદ્ધ સંગઠન માળખું છે. દેવોને દુર્લભ એવા કાર્યકરો છે. જ્યારે સામા પક્ષે અંદરોઅંદરના ઝઘડામાં વેરણછેરણ થયેલી, વિદેશી મૂળના ઇશારે નાચતી, મૃતઃપ્રાય થયેલી કોંગ્રેસને ચૂંટણીમેદાનમાં પરાસ્ત કરવા આવો, આપણે સૌ પૂર્ણ કટિબદ્ધતાથી કાર્યશીલ બનીએ.

કોઈએ બહુ સાચું કહ્યું છે કે - વિપક્ષને હરાવવો એ એક માત્ર આપણું લક્ષ નથી. આપણું લક્ષ છે દેશપ્રેમ અને સુશાસનની વિચારધારાનો આપણો ધ્વજ ચોમેર ફરકાવવો. આવો, વિકાસ પ્રક્રિયાના આયોજન, અમલ અને ઉપલબ્ધિના ત્રિવેણીસંગમ માટે રાજ્ય અને કેન્દ્ર સરકારને જોડતી કડી સમાન એવી આ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણીઓમાં ભાજપને ભવ્ય વિજય અપાવીએ.

વંદે માતરમ્.

- સુરેન્દ્ર પટેલ

પત્રવ્યવહાર કાર્યાલય
**મનોગત પાક્ષિક**
ભારતીય જનતા પાર્ટી-ગુજરાત પ્રદેશ
દીનદયાળ ભવન, જે. પી. ચોક,
ખાનપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧
ફોન : ૦૭૯-૨૫૫૦૪૫૨૨
E-mail : manogat.1980@gmail.com

તંત્રી મુદ્રક પ્રકાશક :


સુરેન્દ્રભાઈ મોતીલાલ પટેલ ભારતીય જનતા પાર્ટી-ગુજરાત વતી ગુજરાત ઑફસેટ પ્રા. લિ., ‘ઑફસેટ હાઉસ’ સ્ટેશન રોડ, વટવા, અમદાવાદ-૩૮૨ ૪૪૦ ખાતે છપાવી ભારતીય જનતા પાર્ટી-ગુજરાત પ્રદેશ કાર્યાલય, દીનદયાળ ભવન, જે. પી. ચોક, ખાનપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧થી પ્રગટ કર્યું.

**Editor : Printer : Publishers :**

**Surendrabhai Motilal Patel** on behalf of Bharatiya Janta Party-Gujarat Pradesh Printed at **Gujarat Offset Pvt. Ltd.**, ‘Offset House’, Station Road, Vatva, Ahmedabad and Published from Bharatiya Janta Party-Gujarat Pradesh J. P. Chowk, Khanpur, Ahmedabad-380001



**અમદાવાદ-ગાંધીનગર ફેઝ-૨ અને સુરત મેટ્રો રેલનો વર્ચ્યુઅલી શિલાન્યાસ કરતા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી**




# મહાનગરોનાં આવનારાં વર્ષોની જરૂરિયાતોનું આકલન કરીને બહેતર સુવિધા માટે મેટ્રો રેલ પૂરક બનશે - વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી


દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું છે કે ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રે દેશનાં મહાનગરોમાં અનેક હરણફાળ ભરી છે ત્યારે મહાનગરોમાં આવનારાં વર્ષોની જરૂરિયાતોનું આકલન કરીને બહેતર સુવિધાઓ માટે મેટ્રો રેલ પૂરક પુરવાર થશે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ અમદાવાદ-ગાંધીનગર મેટ્રો રેલ પ્રોજેક્ટ ફેજ-૨ અને સુરત મેટ્રો રેલ પ્રોજેક્ટનો વર્ચ્યુઅલી શિલાન્યાસ કર્યો હતો. આ વેળાએ ગુજરાતના રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી, વિધાનસભાના અધ્યક્ષ શ્રી રાજેન્દ્ર ત્રિવેદી અને મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી ગાંધીનગરથી સહભાગી થયા હતા.

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ દેશનાં સૌથી મોટાં વેપારી કેન્દ્રો અમદાવાદ અને સુરત શહેરોને મેટ્રો રેલની સુવિધાથી જોડીને યાતાયાતની કનેક્ટિવિટી માટે ઐતિહાસિક કદમ ઉઠાવ્યું છે જે આવનારા સમયમાં ગુજરાતને એક આગવી ઓળખ અપાવશે.

તેમણે ઉમેર્યું કે આ બંને શહેરોના રૂ. ૧૭ હજાર કરોડ કરતાં વધુ રકમના આ પ્રોજેક્ટથી ઈન્ફ્રાસ્ટ્રક્ચરને વધુ પ્રેરક બળ મળશે. કોરોનાના કપરા કાળમાં પણ દેશમાં લાખો-કરોડોના નવા ઈન્ફ્રાસ્ટ્રક્ચરના પ્રોજેક્ટોનાં ખાતમુહૂર્ત અને લોકાર્પણ થયાં છે જે દેશના વિકાસને નવી દિશા આપશે.

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કહ્યું કે આત્મનિર્ભર ભારતના નિર્માણ માટે આ પ્રોજેક્ટ એક નવો રાહ ચીંધનારો બનશે. અમદાવાદ મેટ્રો ફેઝ-૨માં મોટેરાથી મહાત્મા મંદિર સુધીનો એક કોરિડોર અને GNLUથી ગિફ્ટ સિટી સુધીનો બીજો કોરીડોર બનશે જે અમદાવાદ ગાંધીનગરના લાખો નાગરિકોની યાતાયાતની સુવિધામાં વધારો કરશે. એ જ રીતે સુરતમાં પણ સરથાણાથી ડ્રીમ સિટી અને ભેસાણથી સંથેલીને જોડશે જેનું આવનાર સમયને પારખીને આયોજન કરાયું છે.

તેમણે ઉમેર્યું કે ભૂતકાળની સરકારોએ શહેરોમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે કોઈ નક્કર આયોજન કર્યું નહિ અને



કોઈ ચોક્કસ નીતિ પણ નહોતી. શહેરો પોતપોતાની રીતે મેટ્રોનું આયોજન કરતાં હતાં. તેથી આગળ વધીને અમે મેટ્રો પોલિસીનું નિર્માણ કરીને રાજ્યોની અન્ય કનેક્ટિવિટી સાથે જોડીને એકરૂપતા લાવવાનો પ્રયાસ કર્યો છે, જેના થકી દેશભરમાં ઇન્ટિગ્રેટેડ નેટવર્કનું માળખું ઊભું કરી દીધું છે જે એકબીજાને પૂરક બનશે. તેમાં આજની સમસ્યાઓ અને આવનારા સમયની સંભવિત ટ્રાફિક સહિતની સમસ્યાઓને ધ્યાને લઈને આયોજન કરાયું છે.

વર્ષ ૨૦૧૪ પહેલાં માત્ર ૨૫૦ કિલોમીટરની જ મેટ્રો રેલનું નેટવર્ક હતું. આજે છેલ્લાં છ વર્ષમાં ૭૦૮ કિલોમીટરનું મેટ્રો રેલનું માળખું કાર્યરત છે અને ૨૭ શહેરોમાં આશરે ૧૦૦૦ કિલોમીટરનાં કામો પ્રગતિમાં છે.

શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સુરત શહેરે સાધેલી વિકાસયાત્રા સંદર્ભે ટીમ ગુજરાતને અભિનંદન આપતાં કહ્યું કે, રાજ્ય સરકારના દૃષ્ટિપૂર્ણ આયોજન અને વિકાસના પરિણામે સુરત આબાદી માટે દેશનું આઠમું અને વિશ્વનું ચોથું વિકસતું શહેર છે એ જ રીતે દેશમાં મેન મેઇડ ફેબ્રિકમાં ૪૦ ટકા અને મેન મેઇડ ફાઈબરમાં ૩૦ ટકા હિસ્સો ગુજરાત ધરાવે છે. દેશનું સૌથી સફળ શહેર સુરત છે જે માત્ર ને માત્ર સારા વિચારો અને સફળ આયોજનના પરિણામે શકય બન્યું છે. સુરતમાં ભૂતકાળમાં ૨૦ ટકા ઝૂંપડપટ્ટી વિસ્તાર હતો. એ હવે માત્ર ૬ ટકા છે. શહેરોને ઝડપથી ભીડમુક્ત કરવાની દિશામાં ટ્રાફિક મેનેજમેન્ટની સુંદર વ્યવસ્થા ઊભી કરી છે.

સુરત શહેરમાં ૧૦૦થી વધુ પુલ બન્યા છે, જેમાં ૮૦થી વધુ પુલ તો છેલ્લાં ૨૦ વર્ષમાં બન્યા છે. એ જ રીતે ૧૨થી વધુ સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ પણ કાર્યરત થયા છે, જેના લીધે રૂા.૧૦૦

## દીર્ઘદૃષ્ટિ ધરાવતા શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના સર્વાંગી વિકાસની કલ્પના રાજ્યના નાગરિકો સમક્ષ મૂકીને વિકાસની પરિકલ્પનાને ચરિતાર્થ કરી બતાવી છે - શ્રી અમિતભાઈ શાહ



કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહે જણાવ્યું કે અમદાવાદ મેટ્રો રેલ પરિયોજના ચરણ-૨ અને સુરત મેટ્રો રેલના શિલાન્યાસ તથા ભૂમિપૂજનથી આજે ગુજરાતની વિકાસયાત્રામાં વધુ એક યશનું છોગું ઉમેરાયું છે, જે શહેરી વિકાસના ઇન્ફ્રાસ્ટ્રક્ચરને વધુ એક પડાવ આગળ લઈ જશે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારથી તેમણે રાજ્યમાં ઇન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ ઉપર ખૂબ ભાર મૂક્યો હતો. આજે ગુજરાત રાજ્ય વિકાસની દૃષ્ટિએ સમગ્ર દેશમાં મોડેલ રાજ્યની સાથે પ્રથમ નંબર ઉપર છે. આ વિકાસની પરંપરા ગુજરાત હજુ આગળ વધારી રાજ્યની વિકાસયાત્રાને વધુ ગતિશીલ બનાવશે તેવો મને દૃઢ વિશ્વાસ છે.

શ્રી અમિતભાઈ શાહે ગુજરાતના સર્વાંગી વિકાસની યાત્રાના ખુદ સાક્ષી રહ્યા હોવાનું જણાવીને ઉમેર્યું કે, દીર્ઘદૃષ્ટિ ધરાવતા શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના સર્વાંગી વિકાસની કલ્પના રાજ્યના નાગરિકો સમક્ષ મૂકીને તે વિકાસની પરિકલ્પનાને ચરિતાર્થ કરી બતાવી છે. રાજ્યના ગ્રામ્ય વિસ્તાર અને શહેરી વિસ્તારના વિકાસ ઉપરાંત દરિયાકિનારાથી લઈ જંગલવિસ્તારના ભવ્ય વિકાસને આપણે સૌ જોઈ રહ્યા છીએ. તે ઉપરાંત પહાડોમાં વસતા આદિવાસી ભાઈઓનો પણ સર્વાંગી વિકાસ કરીને સૌને આત્મનિર્ભર બનાવ્યા છે.

સમગ્ર દેશમાં જ્યારે લોકતંત્ર પરથી શ્રદ્ધા ડગમગવા લાગી હતી તેવા સમયે શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતમાં વિકાસનો મજબૂત પાયો નાખ્યો ને ગુજરાતના વિકાસની ચર્ચા થઈ. તેના પરિણામે આજે સમગ્ર દેશમાં પૂર્ણ બહુમતની સરકાર બની હોવાનું જણાવી શ્રી અમિતભાઈ શાહે ઉમેર્યું કે ગુજરાતની જેમ જ સમગ્ર દેશમાં સમભાવથી વિકાસ થઈ રહ્યો છે, જેના પરિણામે આપણે છેલ્લાં સાડા છ વર્ષમાં થયેલી દેશની વિકાસયાત્રા થકી જોઈ શકીએ છીએ. પહેલાં દેશમાં માત્ર પાંચ શહેરમાં કુલ ૨૫૦ કિલોમીટર મેટ્રો રેલનું નેટવર્ક હતું જે વધીને હવે ૧૮ શહેરોમાં ૭૦૮ કિલોમીટર સુધી પહોંચ્યું છે અને હજુ આવનારા દિવસોમાં આ ગતિ અનેકગણી વધવાની છે.

અમદાવાદની માસ ટ્રાન્સપોર્ટેશનની અદ્યતન સિસ્ટમ એવી બીઆરટીએસને યાદ કરતાં શ્રી અમિતભાઈ શાહે જણાવ્યું કે અમદાવાદમાં બીઆરટીએસ થકી નગરજનોને ઝડપી, સરળ અને કમ્ફર્ટ પરિવહન વ્યવસ્થા પ્રાપ્ત થઈ તે એક સફળતા છે. આ જ રીતે માસ ટ્રાન્સપોર્ટેશન સિસ્ટમને વધુ અદ્યતન બનાવવાની દિશામાં મેટ્રો રેલ પ્રોજેક્ટ મહત્ત્વનું કદમ સાબિત થશે. આ મહત્ત્વપૂર્ણ પ્રોજેક્ટ અમદાવાદ-ગાંધીનગરને જોડવાની સાથે સાથે ગિફ્ટ સિટી, મોટેરા સહિતનાં અનેક મહત્ત્વનાં સ્થળોને આવરી લેશે અને કમ્ફર્ટ ટ્રાન્સપોર્ટેશન વ્યવસ્થા ઊભી થશે. રાજ્યની વિકાસયાત્રા નિશ્ચિતરૂપે આગળ વધશે તેવો દૃઢ વિશ્વાસ શ્રી અમિતભાઈ શાહે વ્યક્ત કર્યો હતો.



કરોડથી વધુની આવક થઈ છે. સાથે સાથે સુરતમાં સારી હોસ્પિટલોનું નિર્માણ થયું છે, જેના પરિણામે 'ઈઝ ઓફ લિવિંગ'નું સ્તર વધુ સુદૃઢ બન્યું છે. દેશભરના લાખો ઉદ્યમી લોકોએ સુરતમાં પોતાનું યોગદાન આપ્યું છે અને એક ભારત શ્રેષ્ઠ ભારતનું સપનું સાચા અર્થમાં સાકાર કરીને એક લઘુ ભારતનું નિર્માણ સુરતમાં સાકાર થઈ રહ્યું છે, જે આગામી સમયમાં નવી ઊંચાઈ સર કરશે એવો દૃઢ વિશ્વાસ વડાપ્રધાનશ્રીએ વ્યક્ત કર્યો હતો.

વડાપ્રધાનશ્રીએ કહ્યું કે ગાંધીનગર એક સમયે સરકારી કર્મચારીઓ અને નિવૃત્ત અધિકારીઓના નગર તરીકે ઓળખાતું હતું. અમે ગાંધીનગરની છબી બદલવાનો મક્કમ નિર્ધાર કરીને સમયબદ્ધ આયોજન કર્યું, જેના પરિણામે ગાંધીનગરને જીવંત બનાવીને એક સ્વપ્નશીલ શહેર બનાવી દીધું છે. ગાંધીનગરમાં આજે દેશભરના અનેક યુવાઓ શૈક્ષણિક કારકિર્દી ઘડીને પોતાનું ભાવિ ઘડી રહ્યા છે, જે માટે આ મેટ્રો રેલ એક આગવી ઓળખ આપીને આરામદાયક યાતાયાતની સુવિધા પૂરી પાડશે. ગાંધીનગર મેટ્રો રેલનો આ પ્રોજેક્ટ મોટેરાથી મહાત્મા મંદિર અને GNLUથી ગિફ્ટ સિટીને જોડશે.

તેમણે ઉમેર્યું કે ગાંધીનગરમાં IIT, IITE, નેશનલ ફોરેન્સિક સાયન્સીસ યુનિવર્સિટી, રક્ષાશક્તિ યુનિવર્સિટી, PDPU, GNLU, NIFT, ધીરુભાઈ અંબાણી ઈન્સ્ટિટ્યૂટ જેવી વૈશ્વિક સ્તરની સંસ્થાઓએ ગાંધીનગરની એક આગવી ઓળખ પ્રસ્થાપિત કરી છે. એટલું જ નહિ પણ ગાંધીનગરમાં સ્થપાયેલી વૈશ્વિક કંપનીઓ પણ સ્થાનિક યુવાનોને ખૂબ મોટા પ્રમાણમાં રોજગારી આપી રહી છે. મહાત્મા મંદિર પણ રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય

## AIIMS, વિશ્વના સૌથી મોટા રિન્યુએબલ એનર્જી પાર્ક, ડિસેલીનેશન પ્લાન્ટ, રો-રો પેક્ષ સર્વિસીસ, સી-પ્લેન સેવાઓ, ગીરનાર રોપ-વે અને કિસાન સૂર્યોદય યોજના જેવા અનેક વિકાસ પ્રકલ્પો ગુજરાતને મળ્યા છે - મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી




મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ અમદાવાદ-ગાંધીનગર મેટ્રો રેલ પરિયોજનાના બીજા ચરણના અને સુરત શહેરની મેટ્રોના પ્રથમ ચરણના શિલાન્યાસ અવસરને ભવિષ્યના આધુનિક ગુજરાતના નિર્માણની પાયાની ઈંટ સમાન ગણાવ્યો હતો. તેમણે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના દૃષ્ટિવંત આયોજનમાં ગુજરાત વિશ્વના પ્રવાસન નકશે કેવડિયા સ્ટેચ્યુ ઓફ યુનિટીના રેલ્વે જોડાણથી પ્રસ્થાપિત થયું છે અને ગુજરાતે વિકાસની હરણફાળ ભરી છે તે માટે પ્રધાનમંત્રીશ્રીનો આભાર વ્યક્ત કર્યો હતો.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, ગુજરાતનાં શહેરો વિશ્વનાં શહેરોની સરખામણી કરી શકે તેવાં અદ્યતન વિકાસયુક્ત બનાવવા સાથે ગુજરાત માટે અનેક નવા વિકાસ આયામોની ભેટ કેન્દ્ર સરકારે આપી છે. આ સંદર્ભમાં તેમણે ઉમેર્યું કે, પાછલા દોઢ-બે મહિનામાં જ કોરોના સંક્રમણકાળ છતાં પણ AIIMS, વિશ્વના સૌથી મોટા રિન્યુએબલ એનર્જી પાર્ક, ડિસેલિનેશન પ્લાન્ટ, રો-રો પેક્ષ સર્વિસીસ, સી-પ્લેન સેવાઓ, ગિરનાર રોપ-વે અને કિસાન સૂર્યોદય યોજના જેવા અનેક વિકાસ પ્રકલ્પો ગુજરાતને મળ્યા છે. શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતમાં શહેરીકરણના વધતાં વ્યાપ અને જનસંખ્યા માટે આવન-જાવનના સરળ સુવિધાયુક્ત વિકલ્પ તરીકે મેટ્રો રેલ સેવાની આવશ્યકતા વર્ણવી હતી.

તેમણે ઉમેર્યું કે, અગાઉની કોંગ્રેસ સરકારોમાં ગુજરાત પ્રત્યે અન્યાયભર્યું વલણ અને વિકાસ વિરોધી માનસિકતા હતી, પરંતુ હવે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈએ ગુજરાત તરફ વિશેષ ઝોક સાથે એક પછી એક મહત્ત્વપૂર્ણ યોજનાઓ-પ્રોજેક્ટ માટે મદદરૂપ થઈને વિકાસના રોલ મોડેલ ગુજરાતની વિકાસ હરણફાળ વધુ તેજ બનાવી આપી છે .

મુખ્યમંત્રીશ્રીએ અમદાવાદ-ગાંધીનગર તેમજ સુરત મહાનગરના આસપાસના વિસ્તારો સાથે કનેક્ટિવિટીના ઉત્તમ માધ્યમ તરીકે મેટ્રો રેલ સેવા શ્રેષ્ઠ પુરવાર થશે તેવો વિશ્વાસ વ્યક્ત કરતાં મેટ્રો રેલ પ્રોજેક્ટ ૨૦૨૨ સુધીમાં પૂર્ણ કરવાની નેમ દર્શાવી હતી. તેમણે રાજ્યનાં અન્ય શહેરો-નગરોમાં પણ ભવિષ્યની જરૂરિયાતોના સંદર્ભમાં લોકોની અવર-જવરની સરળતા માટે રાજ્ય સરકાર મોનોલાઇટ-મેટ્રો જેવી સુવિધા આપવાની દિશામાં પણ પ્રયત્નશીલ રહેશે તેમ ઉમેર્યું હતું.



કોન્ફરન્સ થકી રોજગાર નિર્માણ માટેનું પૂરક બળ આપી રહ્યું છે. તથા આધુનિક રેલવે સ્ટેશનનું નિર્માણ થઈ રહ્યું છે, જે ટૂંક સમયમાં પૂર્ણ થશે જેના દ્વારા પણ ગાંધીનગરની નવી ઓળખ સાથે પરિવહનની સેવા વધતાં ગાંધીનગરમાં ઉદ્યોગમાલિકોને રોકાણ માટે નવી તક મળશે.

વડાપ્રધાનશ્રીએ દેશના પ્રથમ હેરિટેજ સિટી સમા અમદાવાદની ભૂમિકા આપતાં કહ્યું કે, અમદાવાદ પણ આર્થિક દૃષ્ટિએ ઊભરતું શહેર છે ત્યારે મેટ્રો ફેઝ-રનો આ પ્રોજેક્ટ પણ એ માટે પ્રેરક બનશે. શહેરમાં વિશ્વનું સૌથી મોટું મોટેરા સ્ટેડિયમ, અમદાવાદ સરખેજ-ચિલોડા સિક્સલેન હાઈવેના મહત્ત્વના પ્રોજેક્ટનું કામ પ્રગતિમાં છે. સાથે સાથે ધોલેરાને પણ એરપોર્ટ આપ્યું છે અને રેલવે સાથે જોડવાનાં કામો પણ પ્રગતિમાં છે. અમદાવાદ-સુરત-મુંબઈ બુલેટ ટ્રેનનો પ્રોજેક્ટ પણ પ્રગતિમાં છે, જે ગુજરાત માટે મહત્ત્વનો પુરવાર થશે અને વિકાસક્ષેત્રે પણ સહાયરૂપ થશે.

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ રાજ્યના સર્વાંગી વિકાસ માટે નવો અધ્યાય રચીને દેશને હંમેશા રાહ ચીંધ્યો છે. એ જ રીતે આગામી સમયમાં પણ ગુજરાત આગળ વધશે એવો દૃઢ વિશ્વાસ વ્યક્ત કરી તેમણે ઉમેર્યું કે, ભૂતકાળમાં ગુજરાતમાં શહેરોને ટ્રેન દ્વારા પાણી અપાતું હતું, આજે ૮૦ ટકા ઘરોમાં નલસે જલ દ્વારા પાણી પૂરું પડાય છે. રાજ્યમાં ૧૦ લાખથી વધુ કનેક્શન નલ સે જલ યોજના હેઠળ આપી દેવાયાં છે. ખેડૂતોને સિંચાઈની સુવિધા જે વિસ્તારોમાં શક્ય ન હતી ત્યાં પણ મા નર્મદાનાં નીર ગુજરાતે સેંકડો કિ.મી. દૂર છેક કચ્છ સુધી પહોંચાડ્યાં છે. સરદાર સરોવર યોજના, સૌની યોજના થકી અલાયદી વોટરગ્રીડનું પણ નિર્માણ કર્યું છે, તેમજ ગુજરાતે રાજ્યનાં તમામ ગામડાંઓમાં ૨૪ કલાક પર્યાપ્ત વીજળી પણ આપી છે અને સૌરઊર્જા ક્ષેત્રે પણ ગુજરાત અગ્રેસર રહ્યું છે. વિશ્વના સૌથી મોટા રિન્યુએબલ એનર્જી પાર્કનું પણ કચ્છ ખાતે નિર્માણ થનાર છે જેનું ખાતમુહૂર્ત પણ તાજેતરમાં થયું છે એ ગુજરાતને વિકાસ માટે આગવી ઓળખ આપશે.

તેમણે ઉમેર્યું કે, ખેડૂતોને ખેતી માટે દિવસે વીજળી મળે એ હેતુસર દેશભરમાં ગુજરાતે પહેલ કરીને કિસાન સૂર્યોદય યોજનાના માધ્યમ દ્વારા વીજળી આપવાની શરૂઆત કરી દીધી છે તથા દેશના સૌથી મોટા ગિરનાર રોપવેનું પણ લોકાર્પણ કરીને નાગરિકોની સુવિધાઓમાં વધારો કર્યો છે તથા દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રને પણ ઘોઘા-રો પેક્સ ફેરી સર્વિસ કાર્યરત કરીને જોડી દેવામાં આવ્યા છે, જેના થકી નાગરિકોના સમયની સાથે સાથે પેટ્રોલ ડિઝલની બચત થઈ રહી છે અને ખેડૂતો પોતાનાં પાક ઉત્પાદનો પણ સરળતાથી દક્ષિણ ગુજરાતમાં પહોંચાડીને આર્થિક રીતે વધુ સમૃદ્ધ બન્યા છે એ રાજ્ય સરકારની દૃષ્ટિવંત નીતિને આભારી છે.

તેમણે ઉમેર્યું કે, રાજ્યના નાગરિકોને ડિજિટલ સેવા સેતુના માધ્યમ દ્વારા રાજ્ય સરકારની ૫૦ થી વધુ સેવાઓ ગ્રામ્ય કક્ષાએ પહોંચાડવાનું ભગીરથ કાર્ય થયું છે. ૫૦૦૦ ગામડાંઓમાં આ સેવાઓ શરૂ થઈ ગઈ છે અને આગામી સમયમાં ૮ હજાર ગામડાંઓ સુધી વિસ્તારાશે તેમ જણાવી વડાપ્રધાનશ્રીએ ઉમેર્યું કે, ગરીબ મધ્યમ વર્ગના પરિવારોને આરોગ્ય ક્ષેત્રે સુરક્ષિત કરવા માટે આયુષમાન ભારત યોજના થકી સુરક્ષા કવચ પૂરું પાડ્યું છે. આ યોજનાનો ગુજરાતના ૨૧ લાખ લોકોએ લાભ લીધો છે. એ જ રીતે નાગરિકોને ગુણવત્તાયુક્ત સસ્તી દવા મળી રહે એ માટે રાજ્યમાં ૫૨૫ જેટલાં જન ઔષધિ કેન્દ્રો પણ કાર્યરત કર્યાં છે, જેના થકી રૂા.૧૦૦ કરોડથી વધુ રકમની નાગરિકોની બચત થઈ છે. ગ્રામીણ ગરીબોને સસ્તાં ઘર આપવા માટે પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ ૨.૫૦ લાખ આવાસો રાજ્યમાં પૂરાં પાડ્યાં છે તથા સ્વચ્છ ભારત મિશન યોજના હેઠળ ૩૫ લાખ શૌચાલયોનું નિર્માણ કરાયું છે.

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ નયા ભારતના નિર્માણક્ષેત્રે લોકોની અપેક્ષાઓ સમજીને આગળ વધવાનો મક્કમ નિર્ધાર કર્યો છે તેમ જણાવી ઉમેર્યું કે કેન્દ્રીય સ્તરે રાજ્યોનાં વિકાસકામોની સમીક્ષા માટે અમે ‘પ્રગતિ’ પ્લેટફોર્મ કાર્યરત કર્યું છે, જેના દ્વારા તમામ રાજ્યોમાં વિકાસલક્ષી પ્રોજેક્ટની નિયમિત સમીક્ષા થઈ રહી છે અને આ પ્લેટફોર્મના માધ્યમ દ્વારા ૧૩ લાખ કરોડથી વધુ પ્રોજેક્ટનું ચિંતન કરીને વર્ષોથી અટવાયેલા પ્રશ્નોનું ઉચિત સમાધાન પણ કર્યું છે.

તેમણે ઉમેર્યું કે, આત્મનિર્ભર ભારતના નિર્માણ માટે તથા સ્થાનિક લેવલે નાના એમએસએમઇ ઉદ્યોગોને પ્રોત્સાહન મળે એ માટે એમએસએમઇનો વિસ્તાર કર્યો છે અને નિકાસ નીતિમાં પણ બદલાવ લાવ્યા છીએ એટલે ઉત્પાદિત વસ્તુને વેચવા માટેના નવા રસ્તાઓ ખોલી દીધા છે. મેન્યુફેક્ચર અને સર્વિસ સેક્ટરમાં પણ સુધારા કરીને એમએસએમઇને ઉજ્જવળ તકો પૂરી પાડી છે તેમ તેમણે ઉમેર્યું હતું.

●




**થલતેજ-શિલજ-રાચરડાના એક કિલોમીટર લાંબા ચાર માર્ગીય ઓવરબ્રિજનું ઈ-લોકાર્પણ**



# દેશભરમાં એક લાખથી પણ વધુ ઓવરબ્રિજ-અંડરબ્રિજનું નિર્માણ દેશના રાજમાર્ગ, રાજ્યના હાઈવે માર્ગ, ગ્રામ પંચાયતો તેમજ શહેરોમાં થવા જઈ રહ્યું છે - શ્રી અમિતભાઈ શાહ


દેશના કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી અમિતભાઈ શાહે ગાંધીનગર સંસદીય ક્ષેત્રના અમદાવાદના થલતેજ-શિલજ-રાચરડાના રસ્તાઓ પર નવનિર્મિત ચાર માર્ગીય રેલવે ઓવરબ્રિજનું લોકાર્પણ કર્યું હતું. તેમણે વધુમાં જણાવ્યું હતું કે શ્રી નરેન્દ્ર મોદીના વડાપ્રધાન બન્યા પછી મૂળભૂત પાયાની સુવિધાની સમસ્યા પર પૂર્ણવિરામ લગાવવા માટે અનેકાનેક કાર્યો થઈ રહ્યાં છે. ઈ.સ. ૨૦૧૪માં સત્તાનું સુકાન સંભાળ્યા પછી ૨૦ હજાર જેટલાં ગામોને વીજળી લાઈનથી જોડવામાં આવ્યાં છે. ૬૦ કરોડ લોકો બેંક ખાતાં વગરના હતા અને તેમને જન-ધન બેંક ખાતાં થકી દરેક પરિવારને ઓછામાં ઓછું એક બેંક ખાતું હોય તેવા પ્રયાસ કરીને ૩૦ કરોડથી પણ વધુ ખાતાં ખોલવામાં આવ્યાં છે. દેશમાં લગભગ ૩૦ કરોડ લોકો એટલે કે આશરે ૧૦ કરોડથી વધુ પરિવારોના માથા પર છત નથી તો તેમને શહેરી અને ગ્રામીણ હાઉસિંગની યોજના થકી મકાન આપવામાં આવી રહ્યાં છે. ૧૫મી ઓગસ્ટ ૨૦૨૨ સુધી દરેક નાગરિકને ઘર મળી જશે તેમશ્રી અમિતભાઈ શાહે ભારપૂર્વક કહ્યું હતું.



શ્રી અમિતભાઈ શાહે વધુમાં જણાવ્યું હતું કે ગરીબના ઘરમાં બીમારી આવે તો તે અભિશાપ રૂપ ગણાતી હતી. મોંઘા ઈલાજના કારણે લોકો મજબૂર હતા અને લોકોનું અકાળે મૃત્યુ થતું હતું પરંતુ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશના ૬૦ કરોડ લોકોને 'આયુષમાન ભારત' યોજના થકી ૫ લાખ રૂપિયા જેટલી નિઃશુલ્ક સારવારનું કવચ આપ્યું છે. દેશભરમાં બીમારીની જડ એવી 'અસ્વચ્છતા'ને માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશભરમાં 'સ્વચ્છ ભારત અભિયાન' ચલાવ્યું અને લગભગ ૧૦ કરોડ જેટલાં શૌચાલયોનું નિર્માણ કરીને દેશને સ્વચ્છ રાખવાનું કાર્ય કર્યું છે. દેશની ગરીબ માતાઓ અને બહેનોને આઝાદીનાં ૭૦ વર્ષ પછી પણ સ્વચ્છ ઈંધણ સ્વરૂપે ગેસનો બાટલો મળતો ન હતો, ઉજ્જવલા યોજના અંતર્ગત આશરે ૧૩ કરોડ પરિવારોને ગેસનું કનેક્શન આપવાનું લોક-કલ્યાણનું કાર્ય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના પ્રયત્નોના કારણે પાર પડ્યું છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે ઈ.સ. ૨૦૨૨ સુધી દરેક ઘરને 'નલ સે જલ' યોજના અંતર્ગત આવરીને દરેક ઘર સુધી પીવાનું શુદ્ધ પાણી પહોંચાડવાનું ભગીરથ કામ સમગ્ર દેશભરમાં થઈ રહ્યું છે. વ્યક્તિગત કે સામાજિક પાયાની સુવિધાઓ આપવાનું કામ વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદી કરી રહ્યા છે. તેમણે જણાવ્યું હતું કે દેશભરમાં એક લાખથી પણ વધુ ઓવરબ્રિજ-અંડરબ્રિજનું નિર્માણ, દેશના રાજમાર્ગ, રાજ્યના હાઈવે, ગ્રામ પંચાયતો તેમજ શહેરોમાં થવા જઈ રહ્યું છે તેના કારણે ટ્રાફિકની સમસ્યા દૂર થશે અને દેશના નાગરિકોને અકસ્માતથી બચાવી શકાશે. આ કામ રાજ્ય અને કેન્દ્રની ૫૦-૫૦ ટકા ભાગીદારીથી શક્ય બની રહ્યું છે. વિકાસના અવરોધોને દૂર કરવાનું કામ મોદી સરકાર દરેક જગ્યાએ કરી રહી છે. ઈ.સ ૨૦૨૨ સુધી લગભગ બધી જ રેલવે ફાટકો માનવ રહિત થઈ જશે તેવો નિર્ધાર શ્રી શાહે વ્યક્ત કર્યો હતો.

તેમણે જણાવ્યું હતું કે કોરોનાના કારણે સમગ્ર દુનિયાની અર્થવ્યવસ્થા તહસ-નહસ થઈ ગઈ હતી પરંતુ ભારતની અર્થવ્યવસ્થામાં રોકેટ ગતિએ રીકવરી એ સમગ્ર દુનિયા માટે ચર્ચાનો વિષય બન્યો છે. ગયા ડિસેમ્બર માસમાં વીજળીનો વપરાશ સૌથી વધુ થયો છે તે વીજળી વપરાશનો સૂચકાંક દેશના વિકાસની ગતિ સૂચવે છે. કોરોનાની લડાઈમાં દેશ અને ગુજરાતે ખૂબ સારી રીતે કાર્ય અને નિર્ણયો કરી દેશના કરોડો નાગરિકોના જીવ બચાવ્યા છે અને સ્વાસ્થ્યની નિઃશુલ્ક સેવા પૂરી પાડી છે. વિશ્વના સૌથી મોટા મહારસીકરણ અભિયાનની સુચારુ વ્યવસ્થાઓ ગોઠવાઈ ગઈ છે અને દેશભરમાં શરૂઆત થઈ ગઈ છે. ●



**પેજ સમિતિ રૂપી અણુબોમ્બથી કોંગ્રેસ હતાશ થઈ ગઈ છે
મહાત્મા ગાંધીની કોંગ્રેસ વિસર્જનની ખેવના
આપણે પૂરી કરવી જોઈએ**

# પક્ષમાં કાર્યકરો જ સર્વોપરી છે - શ્રી સી. આર. પાટીલ



ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ પ્રમુખ શ્રી સી. આર. પાટીલજીની અધ્યક્ષતામાં ભાવનગર જિલ્લાના સરપંચો સાથે સંવાદ કાર્યક્રમ જિલ્લાના સિહોર ખાતે યોજાયો. કાર્યક્રમની શરૂઆતમાં મહિલા સરપંચ શ્રીમતી સમજુબહેને ગ્રામવિકાસનાં કાર્યોમાં સરપંચોને મળતી સહાય તેમજ ભાજપના શાસનમાં સાચા અર્થમાં થયેલ કાર્યોની સાદી સરળ ભાષામાં રજૂઆત કરી હતી. પ્રદેશ અધ્યક્ષશ્રી સી. આર. પાટીલે કેન્દ્ર સરકારની યોજનાઓની માહિતી ઉપરાંત બે લાખ રૂપિયાનો વીમો સરકારશ્રી તરફથી આપવામાં આવે છે તેમજ આત્મનિર્ભર યોજના પ્રજાલક્ષી બનાવવા સરપંચશ્રીઓને રજૂઆત  કરી હતી. તમામ સરપંચશ્રીઓએ એક જ અવાજેં પાટીલ સાહેબની હાકલ સ્વીકારી લીધી હતી.. વધુમાં ઉમેરતાં તેઓએ પેજ સમિતિ બાબતે જણાવ્યું હતું કે પેજ સમિતિ એ એક એવો અણુબોમ્બ છે જેનાથી કોંગ્રેસ નાસીપાસ થઈ ગઈ છે અને મહાત્મા ગાંધીને યાદ કરતાં તેમણે કહ્યું હતું કે મહાત્મા ગાંધીની કોંગ્રેસ વિસર્જનની ખેવના આપણે પૂરી કરવી જોઈએ.

**પક્ષમાં કાર્યકરો જ સર્વોપરી છે
તેમનું સન્માન જળવાવું જોઈએ  - સી. આર. પાટીલ**

શ્રી સી. આર. પાટીલે પક્ષના તમામ કાર્યકરોના સન્માન ઉપર ભાર મૂકતાં જણાવ્યું હતું કે ભારતીય જનતા પાર્ટીમાં કાર્યકરોનું સન્માન જળવાવું જોઈએ, કારણ કે કાર્યકરો જ પક્ષને આગળ લાવે છે, સાથે સાથે સરકારી યોજનાઓને પ્રજાલક્ષી કરવાની માહિતી આપવા ઉપર અને પ્રચાર-પ્રસાર ઉપર ટેક્નોલોજીનો ઉપયોગ કરવા માટે અનુરોધ કર્યો હતો. તેમજ કેન્દ્ર સરકારની ગુજરાત સરકારની ખેડૂતલક્ષી યોજનાઓથી ગુજરાતના ખેડૂતોને થયેલા લાભો અંગે માહિતી આપી હતી.

**મતદાર પોતાની ફોટા સહિતની તમામ વિગતો
ભાજપ કાર્યકર્તાને આપવા તૈયાર થાય એ જ પક્ષ ઉપરનો
સાચો વિશ્વાસ દર્શાવે છે - સી. આર. પાટીલ**

ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ પ્રમુખ શ્રી સી આર પાટીલે ભાવનગર વિધાનસભામાં પેજ કમિટીના કાર્ડનું વિતરણ કર્યું. પેજ સમિતિની રચનાનું કાર્ય પૂર્ણ કરી ભારતીય જનતા પાર્ટીના સંગઠનને વધુ મજબૂત કરવાનો સફળ પ્રયત્ન કરનાર સૌ કાર્યકર્તાશ્રીઓની કર્તવ્યનિષ્ઠાને અભિનંદન પાઠવ્યાં. સાથે સાથે શ્રી સી. આર. પાટીલે જણાવ્યું હતું કે પેજ પ્રમુખ જ્યારે એના પાંચ સમિતિ સભ્યોની વિગતો લેવા તેઓના ઘરે જાય છે અને સમિતિ સભ્ય એના ફોટા સહિત તમામ માહિતી આપવા તૈયાર થાય છે એ જ જનતાનો ભારતીય જનતા પાર્ટી ઉપરનો સાચો ભરોસો દર્શાવે છે.એ ભરોસા અને આત્મવિશ્વાસના કારણે જ ગત પેટાચૂંટણીની આઠેઆઠ બેઠકો જંગી બહુમતીથી જીતવામાં પક્ષ સફળ રહ્યો અને કોંગ્રેસના જૂઠા દાવાઓને જનતાએ પોકળ સાબિત કર્યા. ભારતીય જનતા પાર્ટીની જીત એ કોઈ નેતા કે ઉમેદવારની જીત નથી, પક્ષ સાથે જોડાયેલ કર્તવ્યને વરેલા કર્મઠ લાખો કાર્યકરોની જીત હોય છે. વધુમાં ઉમેરતાં તેમણે જણાવ્યું હતું કે ભારતીય જનતા પાર્ટી પાસે આદરણીય નરેન્દ્રભાઈ અને પેજ સમિતિ એમ બે બ્રહ્માસ્ત્ર છે. આખાય કાર્યક્રમમાં ભાવનગરના કાર્યકરોનો એકી અવાજે શહેરની મહાનગર-પાલિકાની તમામ બેઠકો ભાજપ જીતશે એવો વિશ્વાસ પ્રદેશ અધ્યક્ષને આપ્યો હતો

**રાજકોટ જિલ્લા દ્વારા
સરપંચ સંવાદ કાર્યક્રમ સંપન્ન**

રાજકોટ જિલ્લાના ઉપક્રમે યોજાયેલા પ્રદેશ પ્રમુખ શ્રી સી. આર. પાટીલની ઉપસ્થિતિમાં યોજાયેલ સરપંચ સંવાદ કાર્યક્રમમાં જિલ્લાના સરપંચો અને ઉપસ્થિત સર્વેને અત્યાધુનિક



યોજનાલક્ષી વોટ્સએપ નંબર : ૦૨૬૧૨૩૦૦૦૦૦ આપ્યો હતો, અને તેના ઉપયોગની વિગતવાર માહિતી આપી હતી. આ ટેક્નોલોજીથી ભરપૂર ઊર્જાવાન સંવાદ કરતાં તેમણે જણાવ્યું હતું કે, "તાજેતરમાં એક કાર્યક્રમમાં એક મહિલા સરપંચે વિકાસની યાત્રા કરી. જો આ જ પ્રકારે ગામનો સરપંચ યોગ્ય નિર્ણયો લે તો ગામનો વિકાસ શક્ય છે, પરંતુ જો યોજના સરપંચ સુધી ના પહોંચે તો શું કામનું ? માટે અમે ટેક્નોલોજીથી સજ્જ યોજનાકીય માહિતી પ્રદાન કરતા નંબર લોકભોગ્ય બનાવ્યા છે, જેથી આત્મનિર્ભર યોજના જેવી વિવિધ યોજના મેળવવા માટે આજના સરપંચ ટેક્નોલોજી થકી આત્મનિર્ભર બની શકે."

સર્વે સરપંચને ટેક્નોલોજીથી સજ્જ થવા માટે વધુમાં શ્રી પાટીલે જણાવ્યું હતું કે, "આ જ્ઞાનરૂપી ભાથાનો ઉપયોગ કરીને તમે તમારા ગામનો વિકાસ કરો, અને જો કોઈ અડચણ ઉત્પન્ન થાય તો તે માટે ધારાસભ્યની સહાય અચૂક મળશે, તાજેતરમાં પ્રધાનમંત્રીના જન્મદિને વડોદરાના સાંસદ હોય કે અન્ય ધારાસભ્યોએ ગ્રામજનોને વિવિધ યોજનાથી માહિતગાર કર્યા છે. આજના ફેસબુક યુગમાં જન્મદિનને માત્ર એક સેલ્ફી રૂપી સીમિત ન કરીને ૧૦ લોકોને વીમા યોજનાથી માહિતગાર કરો."

રાજકોટ જિલ્લાના ઉપસ્થિત સરપંચોને વિવિધ યોજનાથી માહિતગાર કરતાં તેમણે જણાવ્યું હતું કે, "ગ્રામજનોને યોજનારૂપી માહિતી આપી તમારા ગામનો વિકાસ કરવા હું સર્વેને અપીલ કરું છું. હાલ સુકન્યા સમૃદ્ધિ યોજના કાર્યરત છે. યુવતીઓના અભ્યાસને પ્રોત્સાહન આપવા માટે કેન્દ્ર સરકારે સુકન્યા સમૃદ્ધિ યોજનાની શરૂઆત કરી છે. આ સુકન્યા સમૃદ્ધિ યોજનાનો ઉદ્દેશ્ય પુત્રીઓના અભ્યાસ અને તેમનાં લગ્ન પર આવનારા ખર્ચને સહેલાઈથી પૂરો કરવાનો છે. આ યોજના દેશની દીકરીઓના ભવિષ્યને ઊજળું કરી દેશે. તો ઉપસ્થિત સર્વે સરપંચ મિત્રો આ યોજના થકી તમારા ગામની દીકરીઓને લાભ આપે. આ ઉપરાંત અમે હાલ "એક વ્યક્તિ એક હોદ્દો"ના અભિગમને અમલી બનાવ્યો છે. તાજેતરમાં ડાંગ અને અબડાસા સહિત ૮ વિધાનસભાની પેટાચૂંટણીમાં જે જંગી બહુમતી મળી તે ભારતીય જનતા પાર્ટીના સર્વે કાર્યકર્તાઓને આભારી છે." આ સાથે પેજ કમિટીના અમોઘ શસ્ત્રનો આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ઉપયોગ કરવા તેમણે અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે પાંચવડા અને રાયડી ગામમાં ૧૦૦% પેજ કમિટીની કામગીરી કરનાર બહેનોનું તેમણે અભિવાદન કર્યું હતું.

**પ્રદેશ ચૂંટણી સમિતિ (પાર્લામેન્ટરી બોર્ડ)ના સભ્યો**

૧. શ્રી સી. આર. પાટીલ
૨. શ્રી વિજયભાઈ રૂપાણી
૩. શ્રી નિતીનભાઈ પટેલ
૪. શ્રી પરસોત્તમભાઈ રૂપાલા
૫. શ્રી આર. સી. ફળદુ
૬. શ્રી સુરેન્દ્રભાઈ પટેલ
૭. શ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા
૮. શ્રી જશવંતસિંહ ભાભોર
૯. શ્રી ભીખુભાઈ દલસાણીયા
૧૦. શ્રી રાજેશભાઈ ચુડાસમા
૧૧. શ્રી કાનાજી ઠાકોર
૧૨. ડૉ. કિરીટભાઈ સોલંકી
૧૩. પ્રદેશ પ્રમુખશ્રી, મહિલા મોરચો


પ્રદેશ પ્રમુખશ્રીના આહ્‌વાનને ઝીલીને જયેશભાઈ રાદડિયાએ તેમના કાર્યક્ષેત્રમાં આવતા ગ્રામજનોને કેન્દ્ર સરકારની વીમા યોજનાનો લાભ અપાવવા ૨.૫૦ લાખ સભાસદો વીમાનું પ્રીમિયમ રાજકોટ ડિસ્ટ્રિક્ટ કો-ઓપરેટિવ બેન્કના માધ્યમથી ભરી દેવાની જાહેરાત કરી છે.

કેબિનેટ મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું હતું કે, "વેક્સિન રસીકરણથી ભારતદેશમાં કોરોનાના અંત થયો છે. પ્રધાનમંત્રીશ્રી, મુખ્યમંત્રીશ્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વમાં દેશ અને ગુજરાત કોરોનામુક્ત થવા તરફ કટિબદ્ધ થયા છે. સરદાર પટેલના સ્મારક સમું સ્ટેચ્યુ ઓફ યુનિટી આજે ગુજરાતનું ટ્રાવેલ કેપિટલ બન્યું છે."

કેબિનેટ મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળિયાએ પંચાયત ક્ષેત્રના આગેવાનોને આદર્શ ગામની સવિશેષ માહિતી આપી હતી, ગ્રામ્ય ક્ષેત્રના સર્વાંગી વિકાસ માટે આવશ્યક માહિતી પૂરી પાડી હતી. આ ઉપરાંત વાસ્મો જેવી પીવાના શુદ્ધ પાણીની બ્લક પાઈપલાઈનની યોજનાલક્ષી માહિતી આપી હતી.

યુવા કેબિનેટ મંત્રીશ્રી જયેશભાઈ રાદડિયાએ જણાવ્યું હતું કે ગ્રામ્ય વિસ્તારની મુશ્કેલીઓનું નિવારણ કરવા સરકાર કટિબદ્ધ છે. દેશનાં અન્ય રાજ્યોમાં આજે પણ ૨૪ કલાક વીજળી મળતી નથી ત્યારે કિસાન સૂર્યોદય યોજના થકી આજે ગુજરાતે સમગ્ર દેશમાં મોખરાનું સ્થાન હાંસલ કર્યું છે.

પ્રાસંગિક ઉદ્‌બોધન આપતાં સાંસદશ્રી મોહનભાઈ કુંડારિયાએ જણાવ્યું હતું કે પાટીલ સાહેબે સમગ્ર રાજકોટ જિલ્લામાં વસતા તમામ છેવાડાના માનવીનો યોજનલક્ષી વિકાસ થાય તે માટે આજના આ સુંદર સરપંચ સંવાદનું આયોજન થયું છે.



પ્રધાનમંત્રીશ્રીએ સૌરાષ્ટ્રમાં એઈમ્સ, આયુષમાન ભારત વગેરે જેવી અનેક યોજનાઓ અમલી કરી છે.

સ્વાગત પ્રવચન આપતાં જિલ્લા અધ્યક્ષશ્રી મનસુખભાઈ ખચરિયાએ સરપંચ સંવાદ કાર્યક્રમની વિગતવાર છણાવટ કરી હતી અને વધુમાં જણાવ્યું હતું કે હાલ કિસાન સૂર્યોદય યોજના જેવી વિવિધ યોજનાઓ થકી ગ્રામ્ય વિસ્તારના વિકાસમાં ગુજરાત સરકાર અવિરતપણે પ્રયત્નશીલ છે.

પ્રદેશ ઉપાધ્યક્ષશ્રી ડો. ભરતભાઈ બોઘરાએ જણાવ્યું હતું કે હાલ પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ સમગ્ર ગુજરાતમાં ખૂણે ખૂણે જઈને વિવિધ યોજનાઓથી માહિતીગાર કરીને તેમને પાયારૂપ સવલતો પૂરી પાડવા આજના આ સરપંચ સંવાદનું આયોજન કર્યું છે.

સંગઠન પ્રભારીશ્રી પ્રકાશભાઈ સોનીએ સર્વે સરપંચોને પંચાયત ક્ષેત્રની અભિપ્રેરણા આપી હતી તથા વિવિધ યોજનાલક્ષી માહિતી પ્રદાન કરી હતી.

પ્રદેશ ઉપાધ્યક્ષશ્રી જયંતિભાઈ કવાડિયાએ જણાવ્યું હતું કે પ્રધાનમંત્રીશ્રીએ નાણાંપંચના માધ્યમથી મોટો સુધારો કર્યો છે. હાલ પંચાયતી માળખું અત્યાધુનિક થયું છે અને પ્રધાનમંત્રીશ્રી તથા મુખ્યમંત્રીશ્રીના માધ્યમથી પ્રવર્તમાન સમયમાં પંચાયતી માળખામાં વિકાસલક્ષી સુધારા થયા છે.

પૂર્વ ધારાસભ્યશ્રી જયરાજસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે ગુજરાત સરકારે સંપૂર્ણ અને સર્વાંગી વિકાસ કર્યો છે. આરોગ્યલક્ષી માળખાથી લઈને પાયાની પ્રત્યેક સવલતોને ગુજરાત સરકારે લોકભોગ્ય બનાવી છે. પૂર્વ પ્રદેશ ઉપાધ્યક્ષશ્રી જશુમતીબેન કોરાટે જણાવ્યું હતું કે સ્વ.કેશુભાઈ પટેલની સરકારથી લઈને સાંપ્રત સમયની સંવેદનશીલ ગુજરાત સરકારે લોકોને જીવનાવશ્યક સવલતો પૂરી પાડીને અવિરતપણે વિકાસયાત્રા આરંભી છે.

| પદાધિકારી | જવાબદારી |
|---|---|
| ડૉ. ભરતભાઈ બોઘરા | પ્રદેશ ઉપપ્રમુખશ્રી |
| શ્રી મહેન્દ્રભાઈ એસ. પટેલ | પ્રદેશ ઉપપ્રમુખશ્રી |
| કુ. જયશ્રીબહેન લીલાધરભાઈ દેસાઈ | પ્રદેશ મંત્રીશ્રી |
| શ્રી યમલભાઈ વ્યાસ | પ્રદેશ મુખ્ય પ્રવક્તાશ્રી |
| ડૉ. યજ્ઞેશભાઈ દવે | પ્રદેશ મીડિયા કન્વીનરશ્રી |
| શ્રી કિશોરભાઈ મકવાણા | પ્રદેશ મીડિયા સહ કન્વીનરશ્રી |
| શ્રી નિખિલભાઈ વિનોદભાઈ પટેલ | પ્રદેશ કન્વીનર, આઈ.ટી. |
| શ્રી સિદ્ધાર્થભાઈ પી. પટેલ | પ્રદેશ કન્વીનર, સોશિયલ મીડિયા |
| શ્રી મનનભાઈ દાણી | પ્રદેશ સહ કન્વીનર, સોશિયલ મીડિયા |

ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી સી. આર.પાટીલે રાજયના વિવિધ જિલ્લાઓના સરપંચશ્રીઓ સાથે સંવાદની શૃંખલા શરૂ કરી છે, જે અંતર્ગત શંખલપુર, જૂનાગઢ અને અમરેલી ખાતે સફળ કાર્યક્રમના આયોજન બાદ નવસારી, વલસાડ અને ડાંગ જિલ્લાના સરપંચશ્રીઓ સાથે પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલની વિશેષ ઉપસ્થિતિમાં સુરખાઈ ખાતે 'સરપંચ-સંવાદ' કાર્યક્રમ યોજાયો હતો.

શ્રી સી. આર. પાટીલે જણાવ્યું હતું કે, આપણી પાસે એક બ્રહ્માસ્ત્ર પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના મજબૂત, વિશ્વસનીય અને સક્ષમ નેતૃત્વનું છે અને બીજું બ્રહ્માસ્ત્ર પેજકમિટી છે. મોદી અને રૂપાણી સરકારની જનહિતની કામગીરી અને પેજકમિટીને કારણે ગત વિધાનસભાની પેટાચૂંટણીમાં ડાંગ અને કપરાડા બેઠકમાં કોંગ્રેસે પોતાના સુવર્ણકાળમાં પણ ન મેળવી હોય તે પ્રકાર ભવ્ય લીડ સાથેની જીત ભાજપાના ઉમેદવારોને મળી છે. તમામ આઠેય બેઠક પર ભાજપાનો ભવ્ય વિજય થયો છે. આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ અને ત્યારબાદ વિધાનસભાની ચૂંટણીમાં પણ ભાજપાના પેજસમિતિના સભ્યો સપાટો બોલાવશે, ભાજપાને વિક્રમજનક જીત હાંસલ થશે તેવો મને વિશ્વાસ છે. નિષ્ઠાપૂર્વક કાર્ય કરતા ભાજપાના કાર્યકર્તાઓને હરાવવાની કોંગ્રેસની કોઈ તાકાત નથી.

શ્રી સી. આર. પાટીલે જણાવ્યું હતું કે, રાષ્ટ્રીય મહિલા આયોગના સદસ્ય અને મહિલાઓ વિશે ચિંતિત રહી કાર્ય કરતાં શ્રીમતી રાજુલબહેન દેસાઈનો પણ હું આજના આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા બદલ આભાર વ્યક્ત કરું છું. અગાઉ નવસારી મતવિસ્તારમાં સાંસદ સાથે સંવાદ કાર્યક્રમ અંતર્ગત વિવિધ વર્ગ અને ક્ષેત્રના નાગરિકો સાથે સંવાદના ૧૯ પ્રકારના કાર્યક્રમનું આયોજન કરાયું હતું જેને નોંધપાત્ર પ્રતિસાદ મળ્યો હતો ત્યારે આજે ગામેગામ આપણી સરકારની જનકલ્યાણકારી યોજનાઓનો લાભ વધુ ને વધુ લોકોને મળે તે માટે નિ:સ્વાર્થ ભાવે સેવાના ભાવથી કાર્ય કરતાં લિપિબહેન ખંધાર કે જેમણે આ સરપંચ સાથે સંવાદના વિશિષ્ટ કાર્યક્રમ કરવાનો વિચાર આપ્યો તેમને હું અભિનંદન આપું છું.

•

prerak shah



પ્રેરક શાહ

# સરકારે આપેલી આર્થિક પેકેજની વેક્સિનથી અર્થતંત્રમાં તેજીનો સંચાર



## સ્વરોજગારીનું સર્જન થયું અને દેશ આત્મનિર્ભર બનવા તરફ અગ્રેસર બન્યો ભારતીય અર્થવ્યવસ્થા ૨૦૨૫માં પાંચમી અને ૨૦30માં ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બની જશે

### રાહત પેકેજ આપવામાં આવ્યું જે જી.ડી.પી.ના ૧૫% જેટલું છે

શ્રી નરેન્દ્રભાઈ મોદી સરકાર દ્વારા આપવામાં આવેલા ૨૯.૮૮ લાખ કરોડ રૂપિયાના આત્મનિર્ભર પેકેજ અંતર્ગત વિવિધ ક્ષેત્રોને રાહત પેકેજ આપવામાં આવ્યું જે જી.ડી.પી.ના ૧૫% જેટલું છે. તેમાં એમ.એસ.એમ.ઈ. ક્ષેત્રને ૩ લાખ કરોડ રૂપિયાની કોલેટરલ ફ્રી લોન ફાળવવામાં આવી જેના પરિણામસ્વરૂપે રોજગારી અને સ્વરોજગારીનું સર્જન થયું અને દેશ આત્મનિર્ભર બનવા તરફ અગ્રેસર બન્યો.


### ૮૧ કરોડ લોકોને મફત અનાજ વિતરણ કરવામાં આવે છે

પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના અંતર્ગત છેલ્લા ૯ મહિનાથી દર મહિને ૮૧ કરોડ લોકોને મફત અનાજ વિતરણ કરવામાં આવે છે, જેમાં દર મહિને ભારત સરકારે અમેરિકાની વસ્તીથી બમણા લોકોને અન્ન પૂરું પાડ્યું છે. આ પેકેજમાં સ્થળાંતર કરનાર કામદારો માટે 'વન નેશન, વન રેશન' યોજના અંતર્ગત દેશના કોઈપણ રેશન કેન્દ્ર પરથી ખરીદી કરી શકાય તેવી વ્યવસ્થા ઊભી કરવામાં આવી જેથી કોરોનાને કારણે લાગુ કરવામાં આવેલા લોકડાઉનને કારણે પોતાના વતન પાછા ફરી રહેલા કામદારોને કોઈ તકલીફ ના પડે.

### અનેક સુધારાઓને પરિણામે ભારતીય અર્થતંત્ર મંદીમાંથી ઝડપથી બહાર નીકળવામાં સફળ રહ્યું

મોદી સરકાર દ્વારા નોટબંધી, જી.એસ.ટી, ડિજિટલ ઈન્ડિયા, સ્કિલ ઈન્ડિયા, મેક ઈન ઈન્ડિયા, સ્વચ્છ ભારત અભિયાન જેવા અનેક સુધારાઓને પરિણામે ભારતીય અર્થતંત્ર મંદીમાંથી ઝડપથી બહાર નીકળવામાં સફળ રહ્યું અને વૈશ્વિક આર્થિક મહાસત્તા બનવા તરફ અગ્રેસર બન્યું છે. અન્ય વિકાસશીલ દેશોની સરખામણીમાં ભારત વૈશ્વિક મૂડીરોકાણનું કેન્દ્ર રહ્યું છે.

નોટબંધી અને ડિજિટલ ઈન્ડિયાનાં સમાંતર પગલાંઓને પરિણામે સરકાર દ્વારા આપવામાં આવેલા આત્મનિર્ભર પેકેજનું અમલીકરણ ઝડપી અને સરળ બન્યું. સ્ટાર્ટઅપ ઈન્ડિયા, સ્ટેન્ડઅપ ઈન્ડિયા, મેક ઈન ઈન્ડિયા, સ્કિલ



ઈન્ડિયા અને મુદ્રા યોજના અંતર્ગત લીધેલાં પગલાંઓને પરિણામે કોરોના મહામારી જેવા સમયમાં પણ સરકારના આત્મનિર્ભર પેકેજની મદદથી દેશના ઔદ્યોગિક એકમો ખૂબ ઝડપથી વેગવંતા થયા.

### અર્થતંત્રમાં વિશેષ રિકવરીના સંકેતો

સરકાર દ્વારા લીધેલાં વિવિધ પગલાંઓ અને આર્થિક રાહતોને પરિણામે ખૂબ જ ઓછા સમયમાં અર્થતંત્રમાં વિશેષ રિકવરીના સંકેતો જોવા મળ્યા. વાહનોનું વેચાણ, ટ્રેક્ટરનું વેચાણ, ફર્ટિલાઇઝરનું વેચાણ, રેલવે માલ જકાત, સ્ટીલનું ઉત્પાદન અને વેચાણ, સિમેન્ટનો વપરાશ, વીજળીનો વપરાશ, ઈ. વે બિલ, જી.એસ.ટી.નું કલેક્શન, હાઈવે પરનું દૈનિક ટોલ કલેક્શન, રિટેઈલ નાણાકીય વ્યવહારો, ઉત્પાદન ક્ષેત્રનો પી.એમ.આઈ., મૂળભૂત ઉદ્યોગોનું પ્રદર્શન, મૂડીપ્રવાહ અને એક્સપોર્ટસ વી શેપ રિકવરીના સૂચક છે.

### તહેવારો દરમિયાન આર્થિક ગતિવિધિઓ વેગવાન બન્યા બાદ માંગમાં ટકાઉપણું જોવા મળ્યું છે

આર્થિક ગતિવિધિઓમાં નવેમ્બરની તુલનાએ ડિસેમ્બરમાં મોટાપાયે સુધારો જોવા મળ્યો છે, જે માંગ પરત ફરી હોવાનો સંકેત આપે છે. ઈકરાના રિપોર્ટ અનુસાર, મોટાભાગના સૂચકાંકોમાં ડિસેમ્બર ૨૦૨૦ માં વાર્ષિક ધોરણે વિસ્તરણ થયું છે, જે ગતિવિધિઓ પૂર્વ-કોરોનાના સ્તરે પરત ફરી હોવાનું સૂચન આપે છે. તહેવારો દરમિયાન આર્થિક ગતિવિધિઓ વેગવાન બન્યા બાદ માંગમાં ટકાઉપણું જોવા મળ્યું છે.

### ખરીફ સીઝનમાં રેકોર્ડ ઉત્પાદન થયું હતું અને હવે રવી સીઝનમાં પણ નોંધપાત્ર ઉત્પાદન થવાની આશા છે

કૃષિ અને સંલગ્ન ક્ષેત્રો જેવાં કે ડેરી, પશુપાલન, માછીમારી વગેરેને સહાય માટે ફંડ ઊભું કરવામાં આવ્યું જેનો લાભ લઈ ખેડૂતોએ દેશની આર્થિક ગતિવિધિને આગળ ધપાવી અને કટોકટીના સમયમાં પણ દેશની વિકાસયાત્રામાં યોગદાન પૂરું પાડ્યું. મોદી સરકાર દ્વારા કૃષિ ક્ષેત્રે કરવામાં આવેલા આનુષંગિક અને ક્રમશઃ સુધારાઓને પરિણામે ભારતીય અર્થતંત્ર કોરોનાને કારણે મંદ પડેલી આર્થિક ગતિવિધિઓ છતાં વિકાસ કરવામાં સફળ રહ્યું હતું. વિવિધ સાનુકૂળ પરિબળોના કારણે ખરીફ સીઝનમાં રેકોર્ડ ઉત્પાદન થયું હતું અને હવે રવી સીઝનમાં પણ નોંધપાત્ર ઉત્પાદન થવાની આશા છે. રવી સીઝનમાં અત્યાર સુધી ઘઉંનો વાવણી વિસ્તાર ચાર ટકા વધીને ૩૨૫.૩૫ લાખ હેક્ટરે પહોંચ્યો છે. સારા ચોમાસાના કારણે આ વખતે કઠોળનો વાવણી વિસ્તાર પણ વધીને ૧૫૪.૮૦ લાખ હેક્ટર થયો છે. પ્રધાનમંત્રી કિસાન યોજનાની શરૂઆતથી અત્યાર સુધી ૯૩,૦૦૦ કરોડ રૂપિયાની રકમ ખેડૂતોને આપી દેવામાં આવી છે. વધુમાં મોદી સરકાર દ્વારા વધારાના ઘઉંના પાક માટે ૪૨ લાખ ખેડૂતોને ૭૩,૫૦૦ કરોડ રૂપિયાની ચુકવણી એમ.એસ.પી. (MSP) હેઠળ કરી દેવામાં આવી છે. અહીં એ નોંધવું ઉલ્લેખનીય છે કે ૨૦૨૦-૨૧માં નવેમ્બર સુધીની સીઝન દરમિયાન ભારત ૭ મિલિયન ટન બિન-બાસમતી ચોખાની નિકાસ કરી ચૂક્યું છે.

### ૨૦૦ કરોડ રૂપિયાથી ઓછી રકમના સરકારી ટેન્ડરમાં માત્ર સ્વદેશી કંપનીઓ જ ભાગ લઈ શકે તેવું નક્કી કરવામાં આવ્યું

MSME સેક્ટર જે દેશના અર્થતંત્રની કરોડરજ્જુ છે કે જે લગભગ ૧૨ કરોડ જેટલા લોકોને રોજગાર આપે છે અને દેશના જી.ડી.પી.માં તેનો હિસ્સો ૨૯% જેટલો છે તેને મોદી સરકાર દ્વારા આત્મનિર્ભર યોજના હેઠળ આર્થિક પ્રોત્સાહન પેકેજ આપવામાં આવ્યું, જેનું અત્યારની વી શેપ રિકવરીમાં ખૂબ મોટું યોગદાન છે. વધુમાં MSME સેક્ટરની વર્ષોથી પડતર માંગણી હતી કે MSMEની વ્યાખ્યા બદલવામાં આવે, જે ઐતિહાસિક કાર્ય આ સરકારે પૂર્ણ કર્યું. MSME સેક્ટરને પ્રોત્સાહિત કરવાના હેતુથી સરકાર દ્વારા ૨૦૦ કરોડ રૂપિયાથી ઓછી રકમના સરકારી ટેન્ડરમાં માત્ર સ્વદેશી કંપનીઓ જ ભાગ લઈ શકે તેવું નક્કી કરવામાં આવ્યું.

### વિદેશી રોકાણકારોએ ભારતીય શેરબજારમાં રૂપિયા ૧.૬૬ લાખ કરોડનું રોકાણ કર્યું

ભારત દેશ મૂડીરોકાણ માટે દેશી અને વિદેશી રોકાણકારો માટે આકર્ષણનું કેન્દ્ર બની ગયો છે અને આ વર્ષ દરમિયાન વિવિધ સાનુકૂળ પગલાંઓને પરિણામે વિદેશી રોકાણકારોએ ભારતીય શેરબજારમાં રૂપિયા ૧.૬૬ લાખ કરોડનું રોકાણ કર્યું છે. એપ્રિલથી ઓક્ટોબર દરમિયાન ઈક્વિટીમાં વિદેશી સીધું રોકાણ ૨૧



ટકા વધીને ૩૫.૩૩ અબજ ડોલર પહોંચ્યું હતું. આ બતાવે છે કે વિદેશી રોકાણકારો લગાતાર ભારત દેશમાં રોકાણ કરી રહ્યા છે અને કૃષિ અને શ્રમ સુધારા માટેના કાયદાઓ પર વિશ્વાસ દેખાડી રહ્યા છે. આ ઉપરાંત ભારતીય રોકાણકારોએ પણ મોદી સરકારના નેતૃત્વ પર અભૂતપૂર્વ વિશ્વાસ મૂકી ખૂબ મોટા પ્રમાણમાં મૂડીરોકાણ કર્યું છે જેનું એક દૃષ્ટાંત છે કે છેલ્લા ૯ માસમાં નવા ૬૩ લાખ ડિમેટ ખાતાં ખૂલ્યાં છે. ઈક્વિટી બજારમાં પ્રત્યક્ષ વિદેશી રોકાણ ડિસેમ્બરની શરૂઆત સુધીમાં વધીને ૫૦૦ અબજ ડોલરની વિક્રમી સપાટીએ પહોંચી ગયું છે જે વૈશ્વિક સ્તરે ભારતીય શેરબજાર વિદેશી રોકાણ માટેના એક મહત્ત્વના સુરક્ષિત બજાર તરીકે ઊભરી આવ્યું છે. ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટર્સ દ્વારા વર્ષ ૨૦૦૨ બાદ ભારતીય શેરબજારમાં સર્વાધિક રોકાણ કરવામાં આવ્યું.

મહામારીની પ્રતિકૂળતાઓ વચ્ચે પણ કંપનીઓ દ્વારા ૨૦૨૦ના વર્ષમાં ઊભી કરાયેલી કુલ ઈક્વિટી મૂડી ગત વર્ષે ૮૨,૨૪૧ કરોડની સરખામણીએ વધીને ૧.૭૭ લાખ કરોડ હતી જેમાં ૧૧૬% નો નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે. છેલ્લા એક વર્ષમાં સરકારે અનેક ક્ષેત્રોમાં એફ.ડી.આઈ.ના નિયમો હળવા કરતાં ભારતમાં અમેરિકા, સિંગાપોર, યુ.કે, ફ્રાન્સ, જાપાન, મોરેશિયસ અને નેધરલેન્ડ જેવા દેશોમાંથી કોમ્પ્યુટર હાર્ડવેર-સોફ્ટવેર, સર્વિસીસ ટ્રેડિંગ, કેમિકલ અને ઑટોમોબાઈલ ક્ષેત્રે મોટી સંખ્યામાં વિદેશી સીધું મૂડીરોકાણ આવ્યું. પ્રાઈવેટ ઈક્વિટી-વેન્ચર કેપિટલનું રોકાણ વીતેલા ૨૦૨૦ના વર્ષમાં ૬.૬૦% વધીને ૩૯.૨૦ અબજ ડોલર રહ્યું હતું.

## સ્ટાર્ટઅપ્સમાં ૯.૩ અબજ ડોલરનાં રોકાણો નોંધાયાં છે

કોરોનાના પડકારો વચ્ચે ૨૦૨૦માં દેશમાં સ્ટાર્ટઅપ્સમાં ૯.૩ અબજ ડોલરનાં રોકાણો નોંધાયાં છે. ૨૦૨૦માં સ્ટાર્ટઅપમાં ૧૦૮૮ ડીલ્સ થઈ હતી. રેઝરપે, ગ્લેન્સ અને અનેકેડેમી સહિતના ૧૧ ભારતીય સ્ટાર્ટઅપ ૨૦૨૦માં યુનિકોર્ન સ્ટાર્ટઅપ બન્યા હતા. ગૂગલ, માઈક્રોસોફ્ટ અને ફેસબુક જેવી વિશ્વની ટોચની ટેક્નોલોજી કંપનીઓ ભારતીય સ્ટાર્ટઅપમાં વધુ રુચિ ધરાવી રહી છે.

## દુનિયાની સૌથી મોટી મોબાઇલ કંપની એપલ દ્વારા ભારતમાં ઉત્પાદન શરૂ કરી દેવામાં આવ્યું છે


વર્ષ ૨૦૨૦ના અંતિમ માસ ડિસેમ્બરમાં દેશના ઉત્પાદન ક્ષેત્રનો પી.એમ.આઈ. ૫૬.૩૦ જયારે સેવા ક્ષેત્રનો પી.એમ.આઈ.૫૨.૩૦ રહ્યો હતો. ૫૦થી ઉપરના અંકને જે તે ક્ષેત્રનું વિસ્તરણ કહેવામાં આવે છે. દેશના જી.ડી.પી.માં સેવા ક્ષેત્રનું મોટું યોગદાન રહેતું હોવાથી આગામી બજેટમાં તેના વિકાસલક્ષી સુધારાઓ કરવામાં આવે તેવી શક્યતાઓ છે. ઓક્ટોબર માસમાં પી.એમ.આઈ. ૫૮.૯ ના સ્તર ઉપર પહોંચી ગયો હતો, જે ૨૦૦૮ પછીના સૌથી ઊંચા સ્તર પર છે. ડિસેમ્બરના ત્રિમાસિક ગાળામાં ઉત્પાદન એકમોમાં ક્ષમતા ઉપયોગિતામાં વધારો તથા ઘરઆંગણે માંગ વધતાં દેશના મુખ્ય સ્ટીલ ઉત્પાદનમાં વધારો થયેલ છે અને વેચાણ આંક કોરોના પહેલાંના સ્તરે જોવા મળ્યો છે. ૬ મહિનાથી નેગેટિવ રહેલો IIP (ઈન્ડેક્સ ઓફ ઈન્ડસ્ટ્રીઅલ પ્રોડકશન)માં હવે સપ્ટેમ્બર મહિનાથી સતત સુધરી રહ્યો છે જે ઉત્પાદન ક્ષેત્રે સતત વધારો થવાનું સૂચવે છે. આ બધા વચ્ચે મોદી સરકાર કેટલાક મહત્ત્વના સુધારાઓ કરી રહી છે, જેમ કે મોટા વિદેશી રોકાણકારોને આકર્ષવા માટે 'પ્રોડક્શન લિંકડ ઈન્સેન્ટિવ સ્કીમ', જેનાથી ભારતને વૈશ્વિક ઉત્પાદન અને એક્સપોર્ટનું એપિસેન્ટર બનાવી શકાય. ફક્ત મોબાઈલ ફોન શ્રેણીમાં જ અનુમાન લગાવવામાં આવી રહ્યું છે કે આવનારાં ૫ વર્ષમાં જ દેશમાં ૧૦ લાખ કરોડ રૂપિયા મૂલ્યના ફોન બનવા લાગશે, જેમાંથી ૬૦% એક્સપોર્ટ કરવામાં આવશે. દુનિયાની સૌથી મોટી મોબાઈલ કંપની એપલ દ્વારા ભારતમાં ઉત્પાદન શરૂ કરી દેવામાં આવ્યું છે અને સેમસંગ જેવી મોટી કંપનીએ તેની સ્માર્ટ વોચની સંપૂર્ણ શ્રેણીનું ઉત્પાદન નોઈડામાં શરૂ કરી દીધું છે.

## ફોરેક્સ રિઝર્વ ૪.૪૮ અબજ ડોલર વધી ૫૮૫.૩૨ અબજ ડોલર

પહેલી જાન્યુઆરીએ સમાપ્ત થયેલા સપ્તાહમાં દેશનું ફોરેક્સ રિઝર્વ ૪.૪૮ અબજ ડોલર વધી ૫૮૫.૩૨ અબજ ડોલરની નવી ઊંચી સપાટીએ પહોંચી ગયું છે.

## રૂ.૮૩,૦૦૦ કરોડ જેટલા મૂલ્યના કેસોનો નિકાલ કરવામાં આવ્યો એડ્વાન્સ ટેક્સમાં ૩૩ ટકા વૃદ્ધિ થઈ

ગત વર્ષે ફેબ્રુઆરીમાં બજેટ રજૂ કરતી વખતે નાણાંમંત્રી નિર્મલા સીતારામનજીએ પ્રત્યક્ષ કર સંબંધિત જૂના વિવાદોના નિકાલ માટે વિવાદ સે વિશ્વાસ યોજનાની જાહેરાત કરી હતી,



જે અંતર્ગત અત્યાર સુધીમાં રૂ. ૮૩,૦૦૦ કરોડ જેટલા મૂલ્યના કેસોનો નિકાલ કરવામાં આવ્યો છે. કોરોનાની મહામારીને કારણે આ યોજના ૩૧ જાન્યુઆરી ૨૦૨૧ સુધી લંબાવવામાં આવેલ છે. સરકારના લોકોને મુખ્ય ધારામાં લાવવાના પ્રયાસોથી નાણાં વર્ષ ૨૦૧૯-૨૦માં ગત વર્ષના ૫.૬૦ કરોડની સામે અત્યાર સુધીમાં ૫.૯૦ કરોડ રીટર્ન ફાઈલ થયા છે, જે લોકોનો સરકાર પ્રત્યેનો અભિગમ અને વિશ્વાસ સૂચવે છે. સી.બી.ડી.ટી. દ્વારા ૧ એપ્રિલ ૨૦૨૦થી ૪ જાન્યુઆરી ૨૦૨૧ સુધીમાં ૧.૪૧ કરોડ કરદાતાઓને રૂ.૧,૬૪,૦૧૬ કરોડના રિફંડ આપવામાં આવ્યા છે. વધુમાં સરકાર દ્વારા આવકવેરા કાયદા હેઠળ ફેસલેસ અપીલ અને અસેસમેન્ટ લાગુ કરવામાં આવ્યા, જેથી કરદાતાઓને પડતી વ્યવહારિક મુશ્કેલીઓમાં ઘટાડો થયો અને ભ્રષ્ટાચાર પર નિયંત્રણ આવ્યું. ડિસેમ્બરમાં પૂરા થતા ત્રિમાસિકમાં કંપનીઓ દ્વારા ચુકવાયેલા એડ્વાન્સ ટેક્સમાં વાર્ષિક ધોરણે ૫૦ ટકા વધારો જયારે કોર્પોરેટ્સ તથા વ્યક્તિગત કરદાતા દ્વારા ચુકવાયેલા એડ્વાન્સ ટેક્સમાં ૩૩ ટકા વૃદ્ધિ થઈ છે જે વર્તમાન નાણાંકીય વર્ષના ત્રીજા ત્રિમાસિક ગાળામાં આર્થિક કામગીરીમાં જોરદાર સુધારો થયાનું સૂચવે છે.

**જી.એસ.ટી.નું રેકોર્ડ બ્રેક ૧૧૫,૧૭૪ કરોડ રૂપિયા**

આ ઉપરાંત જી.એસ.ટી.નું કલેક્શન પણ કોરોના પહેલાંના સ્તરથી ઉપર આવી ગયું અને ડિસેમ્બર ૨૦૨૦માં જુલાઈ ૨૦૧૭ થી અત્યાર સુધીનું રેકોર્ડ બ્રેક ૧૧૫,૧૭૪ કરોડ રૂપિયા રહ્યું હતું. જી.એસ.ટી. કાયદા હેઠળ ઈ. ઇનવોઈસિંગમાં નવેમ્બર મહિનામાં ૧૭ ટકા વૃદ્ધિ જોવા મળી હતી. બીજી બાજુ ઓટો કોમ્પોનન્ટ ઉદ્યોગ માટેનું આઉટલૂક નેગેટિવમાંથી સ્ટેબલ કર્યું હતું. આર.બી.આઈ. દ્વારા અર્થતંત્રને ટેકો આપવા ફેબ્રુઆરી ૨૦૧૯થી અત્યાર સુધીમાં રેપો રેટમાં ૨૫૦ બેસીસ પોઇન્ટનો ઘટાડો કરવામાં આવ્યો અને રેપો રેટ ઘટીને ૪ ટકા સુધી આવી ગયો છે, જેના કારણે બેન્કિંગ વ્યવસ્થામાં ધિરાણમાં પણ વૃદ્ધિ જોવા મળી હતી.

**સુકન્યા સમૃદ્ધિ સ્કીમ, સિનિયર સિટીઝન સેવિંગ્સ સ્કીમ અને પબ્લિક પ્રોવિડન્ટ ફંડ જેવી યોજનાઓ દ્વારા વધારાનો લાભ આપવામાં આવ્યો છે**

વધુમાં અહીં એ નોંધવું ઉલ્લેખનીય છે કે સરકાર દ્વારા દેશના સામાન્ય નાગરિકો અને સિનિયર સિટીઝનને રેપો રેટથી ૨.૫૦% થી ૩.૦૦% જેટલું વધારે વ્યાજ ચૂકવી સુકન્યા સમૃદ્ધિ સ્કીમ, સિનિયર સિટીઝન સેવિંગ્સ સ્કીમ અને પબ્લિક પ્રોવિડન્ટ ફંડ જેવી યોજનાઓ દ્વારા વધારાનો લાભ આપવામાં આવ્યો છે અને વધુમાં આ યોજનાઓમાં રોકાણ આવકવેરાની કલમ ૮૦સી હેઠળ બાદ મળવાને પાત્ર છે.

**પેસેન્જર વાહનોનું વેચાણ વાર્ષિક ધોરણે ૨૩.૯૯ ટકા વધીને ૨,૭૧,૨૪૯ યુનિટ પહોંચ્યું હતું**

વીતેલા ડિસેમ્બર માસ દરમિયાન દેશમાં પેસેન્જર વાહનોનું વેચાણ વાર્ષિક ધોરણે ૨૩.૯૯ ટકા વધીને ૨,૭૧,૨૪૯ યુનિટ પહોંચ્યું હતું. વધુમાં પંજાબ અને હરિયાણાના ખેડૂતો દ્વારા ચાલી રહેલા આંદોલન વચ્ચે પણ ડિસેમ્બર ૨૦૧૯માં ૫૦,૮૦૩ ટ્રેક્ટર્સની સામે ૨૦૨૦માં ૪૧% વધીને ૭૧,૭૪૦ ટ્રેક્ટર્સનું વેચાણ થયું છે જે કૃષિ ક્ષેત્રની સારી કામગીરીના સંકેત છે. દ્વિચક્રી વાહનમાં દેશની સૌથી મોટી ઉત્પાદક કંપની હીરો મોટોકોર્પ દ્વારા ઓક્ટોબર મહિનામાં ૮.૦૬ લાખ મોટરસાઈકલનું વેચાણ કર્યું અને તેના વાર્ષિક વેચાણમાં ૩૫% નો વધારો થયો. ઓટો ઉદ્યોગમાં દરેક પ્રકારના સેગ્મેન્ટના વેચાણ વોલ્યુમમાં વધારાના કારણે વર્તમાન નાણાકીય વર્ષના ત્રીજા ત્રિમાસિક ગાળામાં ઓટો કંપનીઓ મજબૂત પરિણામો જાહેર કરશે તેવી શક્યતા રહેલી છે.

દિવાળીના સમયમાં ઓનલાઇન પ્લેટફોર્મ પર વેચાણ ૭૨,૦૦૦ કરોડ રૂપિયા રહ્યું, જે ગત વર્ષની સરખામણીએ ૧૦.૮% વધારે રહ્યું, જે માંગમાં વધારો અને ડિજિટલ વ્યવહારોનો વ્યાપ સૂચવે છે. ઓક્ટોબર માસમાં ભીમ યુપીઆઈ હેઠળના વ્યવહારોમાં ભારે વૃદ્ધિ જોવા મળી અને તેનું મૂલ્ય ૧.૯૧ લાખ કરોડ રૂપિયાથી વધીને ૩.૮૬ લાખ કરોડ રૂપિયા રહ્યું.

આર.બી.આઈ. દ્વારા તાજેતરમાં રજૂ કરવામાં આવેલા બુલેટિનમાં જણાવ્યા મુજબ ભારતીય અર્થતંત્ર ઝડપથી વિકસી રહ્યું છે અને ત્રીજા ત્રિમાસિક ગાળામાં વૃદ્ધિ દર પોઝિટિવ થશે એવું અનુમાન કરવામાં આવેલ. તાજેતરમાં CEERનું અનુમાન છે કે ભારતીય અર્થવ્યવસ્થા ૨૦૨૫માં પાંચમી અને ૨૦૩૦માં ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બની જશે.



**માનવ જ્યારે જોર લગાવે છે તો પથ્થર પણ પાણી બની જાય છે**



# તો હવે કોરોનાની રસી આવી ગઈ છે

મારા પ્રિય દેશવાસીઓ, નમસ્કાર ! સમગ્ર દેશ આજના દિવસની આતુરતાથી રાહ જોઈ રહ્યો હતો. કેટલા મહિનાથી દેશના ઘર-ઘરમાં બાળકો, વૃદ્ધો અને યુવાનો, તમામની જીભ ઉપર એક જ સવાલ હતો કે કોરોના વાઈરસની રસી ક્યારે આવશે ? તો હવે કોરોનાની રસી આવી ગઈ છે. ખૂબ જ ટૂંકા ગાળામાં આવી ગઈ છે. હમણાં થોડીક મિનિટો પછી ભારતમાં દુનિયાનું સૌથી મોટું રસીકરણ અભિયાન શરૂ થઈ જશે. હું તમામ દેશવાસીઓને રસી ઉપલબ્ધ થયા બદલ ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું. આજે એ વૈજ્ઞાનિકો, રસી સાથે જોડાયેલા અનેક લોકો કે જે કેટલાક મહિનાઓથી કોરોનાની રસી તૈયાર કરવાની કામગીરીમાં લાગી ગયા હતા તે લોકો ખાસ કરીને અભિનંદનના હક્કદાર છે. તે લોકોએ દિવસ-રાત મહેનત કરી છે. તેમણે ના તો કોઈ તહેવાર જોયો છે કે ના તો દિવસ જોયો છે કે પછી રાત જોઈ છે. સામાન્ય રીતે એક રસી તૈયાર કરવામાં વરસો લાગી જતાં હોય છે, પણ આટલા ટૂંકા ગાળામાં એક નહીં પણ બે બે રસી ઉપલબ્ધ કરવામાં આવી છે. આટલું જ નહીં અનેક રસી માટે ઝડપી ગતિથી કામ ચાલી રહ્યું છે. આ ભારતનું સામર્થ્ય છે, ભારતની વૈજ્ઞાનિક નિપુણતા છે, ભારતની પ્રતિભાનો જીવતો જાગતો પુરાવો છે. આવી જ સિદ્ધિઓ માટે રાષ્ટ્રકવિ રામધારી સિંહ દિનકરે કહ્યું હતું કે માનવ જ્યારે જોર લગાવે છે તો, પથ્થર પણ પાણી બની જાય છે !


**દુનિયામાં ૧૦૦ કરતાં વધુ દેશ એવા છે કે જેની વસતિ ૩ કરોડ કરતાં પણ ઓછી છે અને ભારતમાં રસીકરણના પ્રથમ ચરણમાં જ ૩ કરોડ લોકોને રસી આપવામાં આવી**

સાથીઓ, ઈતિહાસમાં એક પ્રકારે કહીએ તો આટલા મોટા પાયા પર રસીકરણ અભિયાન અગાઉ ક્યારેય પણ થયું નથી. આ અભિયાન કેટલું મોટું છે તેનો અંદાજ તમે માત્ર પ્રથમ ચરણને આધારે જ નક્કી કરી શકો છો. દુનિયામાં ૧૦૦ કરતાં વધુ દેશ એવા છે કે જેની વસતિ ૩ કરોડ કરતાં પણ ઓછી છે અને ભારતમાં રસીકરણના પ્રથમ ચરણમાં જ ૩ કરોડ લોકોને રસી આપવામાં આવી રહી છે. બીજા ચરણમાં આપણે તેને ૩૦ કરોડની સંખ્યા સુધી લઈ જવાની છે. જે લોકો વૃદ્ધ છે અને ગંભીર બીમારી ધરાવે છે તેમને હવે પછીના ચરણમાં રસી આપવામાં આવશે. તમે કલ્પના કરી શકો છો કે ૩૦ કરોડ કરતાં વધુ વસતિ ધરાવતા દુનિયાના માત્ર ત્રણ જ દેશ છે - ભારત, ચીન અને અમેરિકા. બીજો કોઈ દેશ એવો નથી કે જેની વસતિ આ કરતાં વધુ હોય. એટલા માટે જ ભારતનું રસીકરણ અભિયાન આટલું મોટું ગણાય છે અને આ અભિયાન ભારતનું સામર્થ્ય દર્શાવે છે. અને હું દેશવાસીઓને વધુ એક વાત કહેવા માંગું છું. આપણા વૈજ્ઞાનિક અને આપણા નિષ્ણાતો, બંને જ્યારે મેડ ઈન ઈન્ડિયા રસીની સુરક્ષા અને અસર બાબતે આશ્વસ્ત છે ત્યારે જે તેમણે રસીનો તાત્કાલિક ઉપયોગ કરવાની મંજૂરી આપી છે. એટલા માટે જ દેશવાસીઓએ કોઈપણ પ્રકારના દુષ્પ્રચાર, અફવા અને પ્રોપેગેન્ડાથી સાવચેત રહેવાનું છે.

મારા વ્હાલા દેશવાસીઓ, દરેક ભારતવાસી એ બાબતે ગર્વ અનુભવશે કે સમગ્ર દુનિયામાં આશરે ૬૦ ટકા બાળકોને જે જીવનરક્ષક રસી આપવામાં આવે છે તે ભારતમાં જ બને છે. ભારતની આકરી વૈજ્ઞાનિક પ્રક્રિયાઓમાંથી પસાર થયા પછી જ તે બહાર આવે છે. ભારતના વૈજ્ઞાનિકો અને રસી સાથે જોડાયેલી આપણી વિશેષતાઓ અંગે દુનિયાનો આ વિશ્વાસ ભારતમાં બનેલી કોરોના રસીને વધુ મજબૂત કરનારો છે. આની કેટલીક વિશેષ બાબતો છે તે હું આજે દેશવાસીઓને જરૂરથી જણાવવાની ઈચ્છા રાખું છું. ભારતની આ રસી વિદેશી રસીની તુલનામાં ખૂબ જ સસ્તી છે અને તેનો ઉપયોગ પણ એટલો જ આસાન છે. વિદેશમાં તો કેટલીક રસી એવી છે કે જેનો એક ડોઝ રૂ. ૫૦૦૦ સુધીની કિંમત ધરાવે છે અને તેને માઈનસ ૭૦ ડિગ્રી તાપમાનમાં ફ્રીઝમાં રાખવી પડે છે, પરંતુ ભારતની રસી એવી ટેકનીકને આધારે બનાવવામાં આવી છે કે જે ભારતમાં વર્ષોથી ચકાસાયેલી અને પ્રયોગ કરાયેલી છે. આ રસી સંગ્રહથી માંડીને પરિવહન સુધીની બાબતોમાં ભારતની સ્થિતિ અને પરિસ્થિતિને અનુકૂળ છે. આ રસી હવે ભારતને કોરોના સામેની આપણી લડાઈમાં નિર્ણાયક જીત અપાવશે.

**બીજાના કામમાં આવે તેવો નિઃસ્વાર્થ ભાવ આપણી અંદર હોવો જોઈએ**

સાથીઓ, મહાન તેલુગુ કવિ શ્રી ગુરૂજાડા અપ્પારાવે કહ્યું હતું કે - સોન્ત લાભં કૌન્ત મુકુ, પૌરૂગુવાડિકી તોડુ પડવોય દેશમન્ટે મટ્ટી કાદોયિ, દેશમન્ટે મુષુલોય ! આનો અર્થ એવો થાય છે કે બીજાના કામમાં આવે તેવો નિઃસ્વાર્થ ભાવ આપણી અંદર હોવો જોઈએ. માત્ર માટી, પાણી, કાંકરા અને પત્થરથી દેશ



બનતો નથી, પરંતુ તેનો એક અર્થ હોય છે. દેશના સમગ્ર દેશના તમામ લોકો કોરોના વિરુદ્ધની લડાઈ આ ભાવના સાથે લડ્યા છે. આજે આપણે જ્યારે વીતેલા વર્ષ તરફ નજર માંડીએ છીએ ત્યારે એક વ્યક્તિ તરીકે, એક પરિવાર તરીકે અને એક રાષ્ટ્ર તરીકે આપણે ઘણું બધું શીખ્યા છીએ, ઘણું બધું જોયું છે, જાણ્યું છે અને સમજ્યું પણ છે.

**આ બીમારીએ તો બીમાર વ્યક્તિને જ એકલો પાડી દીધો હતો**

આજે જ્યારે ભારતમાં રસીકરણ અભિયાન શરૂ થઈ ગયું છે ત્યારે હું કોરોના સંકટના એ દિવસોને યાદ કરું છું કે જ્યારે કોરોના સંકટનો એક એવો દોર હતો કે જ્યારે દરેક વ્યક્તિ એવું ઈચ્છતી હતી કે કશુંક કરવું જોઈએ, પરંતુ તેને એટલા રસ્તા મળતા ન હતા. સામાન્ય રીતે બીમારી આવે ત્યારે સમગ્ર પરિવાર બીમાર વ્યક્તિની સંભાળમાં લાગી જતો હોય છે, પરંતુ આ બીમારીએ તો બીમાર વ્યક્તિને જ એકલો પાડી દીધો હતો. અનેક સ્થળોએ નાનાં નાનાં બીમાર બાળકોને માતાથી દૂર રાખવા પડતાં હતાં. માતા પરેશાન રહેતી હતી, પરંતુ ઈચ્છા હોવા છતાં કશું કરી શકતી ન હતી. બાળકને પોતાના ખોળામાં પણ લઈ શકતી ન હતી. ક્યાંક વૃદ્ધ પિતા હોસ્પિટલમાં એકલા પોતાની બીમારી સાથે સંઘર્ષ કરવા માટે મજબૂર બની ગયા હતા. ઈચ્છા હોય તો પણ પોતાના સંતાનો તેમની પાસે જઈ શકતા ન હતા. જે લોકો આપણને છોડીને ચાલ્યા ગયા તે જેના હક્કદાર હતા તેવી પરંપરા મુજબ વિદાય પણ આપી શકાઈ નહીં. જેમ જેમ આ વિષયે વિચાર કરીએ છીએ ત્યારે મન ડગી જાય છે, ઉદાસ બની જાય છે.

**આ રસી એવા તમામ સાથીદારો તરફ કૃતજ્ઞ રાષ્ટ્રની આદર અંજલિ છે**

પરંતુ સાથીઓ, સંકટના આ સમયમાં, નિરાશાના એ વાતાવરણમાં એક આશાનો પણ સંચાર થઈ રહ્યો હતો. આપણને બચાવવા માટે જે લોકો પોતાનો જીવ જોખમમાં મૂકી રહ્યા હતા- તે આપણાં ડોક્ટર, નર્સ, પેરામેડિકલ સ્ટાફ, એમ્બ્યુલન્સ ડ્રાઈવર, આશા વર્કર, સફાઈ કર્મચારી, પોલીસના સાથીદારો અને અન્ય ફ્રન્ટ લાઈન કાર્યકરો. આ બધાં લોકોએ માનવતા તરફની પોતાની જવાબદારીને અગ્રતા આપી હતી. આમાંથી મોટા ભાગના લોકો પોતાનાં બાળકો અને પોતાના પરિવારથી દૂર રહ્યા હતા. અનેક દિવસો સુધી ઘરે પરત આવ્યા ન હતા. સેંકડો સાથીઓ એવા પણ છે કે જે ક્યારેય ઘરે પરત ફરી શક્યા નથી. તેમણે એક એક જીવ બચાવવામાં પોતાના જીવની આહુતિ આપી દીધી છે. એટલા માટે જ આજે કોરોનાની પ્રથમ રસી આરોગ્ય સેવા સાથે જોડાયેલા લોકોને લગાવીને એક રીતે કહીએ તો સમાજ પોતાનું ઋણ ચૂકવી રહ્યો છે. આ રસી એવા તમામ સાથીદારો તરફ કૃતજ્ઞ રાષ્ટ્રની આદર અંજલિ છે.

**૩૦ જાન્યુઆરીના રોજ ભારતમાં કોરોનાનો પ્રથમ કેસ બહાર આવ્યો હતો**

પરંતુ સાથીઓ, ભારતની જે ખૂબ મોટી આબાદીને ભારતની નબળાઈ તરીકે ઓળખવામાં આવતી હતી તેને જ આપણે આપણી તાકાત બનાવી દીધી હતી. ભારતે સંવેદનશીલતા અને સહભાગીદારીને લડાઈનો આધાર બનાવ્યો હતો. ભારતે ચોવીસે કલાક સતર્ક રહીને, દરેક ઘટનાક્રમ ઉપર નજર રાખીને યોગ્ય સમયે, યોગ્ય નિર્ણયો લીધા હતા. ૩૦ જાન્યુઆરીના રોજ ભારતમાં કોરોનાનો પ્રથમ કેસ બહાર આવ્યો હતો, પરંતુ તેના બે સપ્તાહ પહેલાં જ ભારત એક ઉચ્ચ સ્તરની સમિતિ બનાવી ચૂક્યું હતું. ગયા વર્ષે આજનો જ દિવસ હતો કે જ્યારે આપણે કાયદેસર સર્વેલન્સ શરૂ કરી દીધું હતું. ૧૭ જાન્યુઆરી, ૨૦૨૦ની એ તારીખ હતી કે જ્યારે ભારતે પોતાની પ્રથમ એડ્વાઈઝરી જારી કરી દીધી હતી. ભારતનો સમાવેશ દુનિયાના એવા દેશોમાં થતો હતો કે જેમણે એરપોર્ટ ઉપર પ્રવાસીઓના સ્ક્રીનીંગની શરૂઆત કરી દીધી હતી.

સાથીઓ, કોરોના સામેની લડાઈમાં ભારતે જે પ્રકારે ઈચ્છાશક્તિ દર્શાવી છે, જે સાહસ દર્શાવ્યું છે, સામૂહિક શક્તિનો જે પરિચય કરાવ્યો છે તે આવનારા દિવસોમાં અનેક પેઢીઓને પ્રેરણા આપવાનું કામ કરશે. યાદ કરો, જનતા કરફ્યુ, કોરોનાની સામે આપણા સમાજે જે સંયમ અને શિસ્તનો પરિચય કરાવ્યો છે તેમાં દરેક દેશવાસી સફળ થયો છે. જનતા કરફ્યુએ દેશને એક મનોવૈજ્ઞાનિક સ્વરૂપ તરીકે લૉકડાઉન માટે તૈયાર કર્યો હતો. આપણે તાળી, થાળી અને દીપ જલાવીને દેશના આત્મવિશ્વાસને ઊંચો રાખ્યો હતો.

**લૉકડાઉનનો નિર્ણય કરવામાં આવ્યો પણ આ નિર્ણય આસાન ન હતો**

સાથીઓ, કોરોના જેવો અજાણ્યો શત્રુ કે જેની ક્રિયા-પ્રક્રિયાને મોટા મોટા સમર્થ દેશો પણ માપી શક્યા ન હતા તેના સંક્રમણને રોકવાની સૌથી અસરકારક રીત એ હતી કે જે આપણે ત્યાં અમલમાં મૂકવામાં આવી હતી. એ લોકો ત્યાં જ રહ્યા. એટલા માટે દેશમાં લૉકડાઉનનો નિર્ણય કરવામાં આવ્યો પણ આ નિર્ણય આસાન ન હતો. આટલી મોટી વસતિને ઘરની અંદર રાખવી તે ખૂબ જ અશક્ય કામગીરી હતી. તેનો આપણને અનુભવ હતો અને અહીં તો દેશમાં બધું જ બંધ કરી દેવાનું હતું, લૉકડાઉન કરવાનું હતું. આના કારણે લોકોની રોજી રોટી ઉપર અસર પડશે, અર્થવ્યવસ્થા પર કેવી અસર પડશે તેનો અંદાજ પણ આપણી સામે હતો, પરંતુ દેશે 'જાન હૈ તો જહાન હૈ' મંત્રને આધારે ચાલીને પ્રત્યેક ભારતીયના જીવનને બચાવવાની બાબતને સર્વોચ્ચ પ્રાથમિકતા આપી હતી. અને આપણે સૌએ એ જોયું હતું કે સમગ્ર દેશ, સમગ્ર સમાજ, એ ભાવના સાથે તુરત જ સક્રિય થઈ ગયો હતો. અનેક વખત નાની નાની છતાં ખૂબ જ મહત્ત્વની બાબતોની



# કોરોના મહામારી દરમિયાન ભાજપ સરકારની શ્રેષ્ઠ કામગીરી




**નિર્ણાયક નેતા
મજબૂત સરકાર**

- કોવિડ ૧૯નો પ્રથમ કેસ નોંધાયાના ગણતરીના દિવસોમાં ૨૨૦૦ બેડ્સની ક્ષમતા સાથે રાજ્યનાં ચાર મહાનગરોમાં ડેડિકેટેડ કોવિડ-૧૯ હોસ્પિટલોની સ્થાપના.
- સારવાર માટે PPP મોડલ : ૫૦% બેડ્સને સરકારી ફંડ આપીને ખાનગી હોસ્પિટલોનું કોવિડ-૧૯ હોસ્પિટલમાં રૂપાંતર કર્યું. ગુજરાત સરકારના આ PPP મોડલની ગુજરાત હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટે પણ કરી પ્રશંસા.
- ડોર-ટુ-ડોર આરોગ્ય સુવિધાઓ પૂરી પાડવા માટે ધન્વંતરિ આરોગ્ય રથની શરૂઆત.
- WHO એ ધન્વંતરિ રથ મોડલની કરી પ્રશંસા : અન્ય દેશોને પણ આ મોડલને અનુસરવા કરી ભલામણ.
- કોરોનાના તાત્કાલિક ટેસ્ટિંગ માટે ૧૦૪ અને માનસિક સારવાર માટે હેલ્પલાઈન ૧૧૦૦ની શરૂઆત કરી.
- કોરોના સંક્રમણ પર કાબૂ મેળવવા માટે રાજ્યમાં ટ્રેસિંગ, ટેસ્ટિંગ અને ટ્રીટમેન્ટની 3T સ્ટ્રેટેજીનો અમલ
- કોરોનાગ્રસ્ત દર્દીઓને ત્વરિત સારવાર ઉપલબ્ધ કરવા માટે રાજ્યમાં ૩ ટિયર સ્ટ્રેટેજીનો અમલ, જે અંતર્ગત અતિગંભીર દર્દીઓની સારવાર માટે ડેડિકેટેડ કોવિડ હોસ્પિટલ (DCH).
- મધ્યમથી ગંભીર લક્ષણોવાળા દર્દીઓ માટે ડેડિકેટેડ કોવિડ હેલ્થ સેન્ટર્સ (DCHC) અને સાધારણ લક્ષણોવાળા દર્દીઓ માટે ડેડેકેટેડ કોવિડ સેન્ટર્સ (DCCC)ની સ્થાપના.

| કોરોના સામેની લડાઈ ગુજરાત કટિબદ્ધતાથી લડી રહ્યું છે |
|---|
| **કોરોનાના દર્દીઓ માટે રાજ્યમાં સરકારી અને ખાનગી મળીને કુલ ૫૫,૫૫૯ બેડ્સ ઉપલબ્ધ** |
| **અત્યાર સુધી ૧ કરોડથી વધુ ટેસ્ટ કરવામાં આવ્યા** |
| **કુલ ૧૩૫૦ ધન્વંતરિ રથ કાર્યરત, જેના દ્વારા ૨.૫ કરોડથી વધુ OPD કરવામાં આવી** |
| **રાજ્યમાં DCH ૩૧૭, DCHC ૧૦૨ અને ૩૨૦ DCCC કાર્યરત** |
| **રાજ્યનો રિકવરી રેટ ૯૪.૧૫%** |

- વિદેશો કે દેશનાં અન્ય રાજ્યોમાંથી ગુજરાત આવતા લોકો માટે નિઃશુલ્ક ઈન્સ્ટિટ્યૂશનલ ક્વોરન્ટાઈનની સુવિધા ઉપલબ્ધ
- ડ્યૂટી દરમિયાન કોરોના લાગુ થઈ જવાને કારણે મૃત્યુ પામનાર કોરોના વોરિયર્સના પરિવારજનોને રાજ્ય સરકાર તરફથી રૂ.૨૫ લાખની આર્થિક સહાય.
- રેમડેસિવીર અને ટોસિલિઝુમેબ જેવાં મોંઘાં ઈન્જેક્શન નિઃશુલ્ક આપી હજારો લોકોના જીવ બચાવાયા.
- રાજ્યમાં વેક્સિન વિતરણની તમામ વ્યવસ્થાઓ પૂરી કરવામાં આવી.



જાણકારી પૂરી પાડવા માટે મેં પણ અનેક વખત દેશવાસીઓ સાથે સીધો સંવાદ કર્યો હતો. એક તરફ જ્યાં ગરીબોને મફત ભોજન પૂરું પાડવાની વ્યવસ્થા કરવામાં આવી હતી, તો બીજી તરફ દૂધ, શાકભાજી, અનાજ, ગેસ, દવા વગેરે જેવી જરૂરી ચીજોનો પુરવઠો સારી રીતે જાળવવામાં આવ્યો હતો. દેશની અર્થવ્યવસ્થા સારી રીતે ચાલે તે માટે ગૃહમંત્રાલયે ૨૪ x ૭ કન્ટ્રોલ રૂમ શરૂ કર્યા હતા, જેની ઉપર હજારો ફોનના જવાબ આપવામાં આવતા હતા. લોકોને ઉપાય બતાવવામાં આવતા હતા.

**કોરોના સામેની આ લડાઈમાં આપણે ડગલે ને પગલે દુનિયા સામે ઉદાહરણ રજૂ કરી શક્યા છીએ**

કોરોના સામેની આ લડાઈમાં આપણે ડગલે ને પગલે, દુનિયા સામે ઉદાહરણ રજૂ કરી શક્યા છીએ. એવા સમયમાં કે જ્યારે કેટલાક દેશોએ તો પોતાના નાગરિકોને ચીનમાં વધતા જતા કોરોનાની વચ્ચે છોડી દીધા હતા ત્યારે ભારતે ચીનમાં ફસાયેલા દરેક ભારતીયને પરત લઈ આવવાની વ્યવસ્થા કરી હતી, અને માત્ર ભારતના જ નહીં, આપણે બીજા દેશોના નાગરિકોને પણ ત્યાંથી પરત લઈને આવ્યા હતા. કોરોનાના સમયમાં વંદે ભારત મિશન હેઠળ ૨૫ લાખ કરતાં વધુ ભારતીયોને વિદેશમાંથી ભારત પરત લાવવામાં આવ્યા હતા. મને એ વાત યાદ છે કે એક દેશમાં જ્યારે ભારતીયોનો ટેસ્ટ કરવા માટે મશીનો ઓછાં પડી રહ્યાં હતાં ત્યારે ભારતે સમગ્ર ટેસ્ટીંગ લેબ અહીંથી ત્યાં મોકલીને વ્યવસ્થા શરૂ કરી હતી કે જેથી ત્યાંથી ભારત પરત આવનાર લોકોને ટેસ્ટીંગ માટે કોઈ તકલીફ પડે નહીં.

**ભારતે આ મહામારીનો જે રીતે સામનો કર્યો, તેની સમર્થતા આજે સમગ્ર દુનિયા જોઈ રહી છે**

સાથીઓ, ભારતે આ મહામારીનો જે રીતે સામનો કર્યો, તેની સમર્થતા આજે સમગ્ર દુનિયા જોઈ રહી છે. કેન્દ્ર અને રાજ્યની સરકારો, સ્થાનિક એકમ, દરેક સરકારી સંસ્થા, સામાજિક સંસ્થાઓ જે રીતે સંગઠિત થઈને બહેતર કામગીરી કરી શક્યા હતા તે ઉદાહરણ પણ ભારતે દુનિયાની સામે મૂક્યું છે. ઈસરો, ડીઆરડીઓ અને લશ્કરથી માંડીને ખેડૂતો અને શ્રમિકો સુધી તમામ લોકો એક સંકલ્પ સાથે કેવી રીતે કામ કરી શકે છે તે ભારતે કરી બતાવ્યું છે. 'બે ગજની દૂરી, અને માસ્ક છે જરૂરી' ઉપર ધ્યાન કેન્દ્રિત કરવામાં ભારત મોખરે રહ્યું હતું.

**૧૫૦ કરતાં વધુ દેશોમાં જરૂરી દવાઓ અને જરૂરી તબીબી સહાય પહોંચાડી છે**

ભાઈઓ અને બહેનો, આજે આ પ્રયાસોનું જ પરિણામ છે કે ભારતમાં કોરોનાથી થતા મૃત્યુનો દર ઓછો થયો છે અને સાજા થનારા લોકોનો દર ઘણો વધારે છે. દેશના અનેક જિલ્લા એવા છે કે જ્યાં એક પણ વ્યક્તિને આપણે કોરોનાના કારણે ખોવો પડ્યો નથી. આ જિલ્લામાં દરેક વ્યક્તિ કોરોનાથી સાજા થયા પછી પોતાના ઘરે પરત પહોંચી છે. અનેક જિલ્લા એવા પણ છે કે જ્યાં વીતેલાં બે સપ્તાહ દરમિયાન કોરોનાનો એક પણ કેસ આવ્યો નથી. અને એટલે સુધી કે લૉકડાઉનની અસરને કારણે પ્રભાવિત અર્થવ્યવસ્થામાંથી બેઠા થવામાં પણ ભારત દુનિયામાં આગળ નીકળી ગયું છે. ભારતનો સમાવેશ દુનિયાના એવા ગણ્યાગાંઠ્યા દેશોમાં થાય છે કે જેમણે મુશ્કેલી હોવા છતાં પણ દુનિયાને ૧૫૦ કરતાં વધુ દેશોમાં જરૂરી દવાઓ અને જરૂરી તબીબી સહાય પહોંચાડી છે. પેરાસિટામોલ હોય કે હાઈડ્રોક્સી ક્લોરોક્વીન હોય, ટેસ્ટીંગ માટેનો સામાન હોય કે પછી અન્ય બાબતો હોય. ભારતે બીજા દેશના લોકોને બચાવવા માટે તમામ પ્રકારની કોશિશ કરી છે. આજે આપણે જ્યારે રસી બનાવી લીધી છે ત્યારે પણ ભારતની તરફ દુનિયા આશા અને અપેક્ષાની નજરે જોઈ રહી છે. આપણું રસીકરણ અભિયાન જેમ જેમ આગળ ધપતું જશે, તેમ તેમ દુનિયાના અનેક દેશોને આપણા અનુભવનો લાભ મળશે. ભારતની રસી, આપણી ઉત્પાદનક્ષમતા સમગ્ર માનવતાના હિતમાં કામમાં આવે તેવી આપણી કટિબદ્ધતા છે.

**દવાઈ પણ અને કડકાઈ પણ !**


ભાઈઓ અને બહેનો, આ રસીકરણ અભિયાન હજુ લાંબુ ચાલવાનું છે. આપણને લોકોનાં જીવન બચાવવા માટે સહયોગ આપવાની તક મળી છે અને એટલા માટે આ અભિયાન સાથે જોડાયેલી પ્રક્રિયાને, આ પ્રક્રિયાનો હિસ્સો બનવા માટે દેશમાં અનેક સ્વયંસેવકો આગળ આવી રહ્યા છે અને હું તેમનું સ્વાગત કરું છું. વધુ સ્વયંસેવકોને પોતાનો સમય આ સેવાકાર્યમાં આપવા માટે આગ્રહ પણ કરું છે. અગાઉ મેં કહ્યું તે મુજબ આ રસીકરણ દરમ્યાન અને તે પછી પણ માસ્ક, બે ગજનું અંતર અને સાફસફાઈ આવશ્યક બની રહેશે. રસી લાગી ગઈ તો એનો અર્થ એવો થતો નથી કે તમે કોરોનાથી બચવાની અન્ય પદ્ધતિઓ છોડી દેશો. આપણે હવે નવું વચન લેવાનું છે - દવાઈ પણ અને કડકાઈ પણ! આપ સૌ સ્વસ્થ રહો તેવી શુભેચ્છા સાથે આ રસીકરણ અભિયાન માટે સમગ્ર દેશને ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવું છું. દેશના વૈજ્ઞાનિકોનો, સંશોધકોનો, લેબ સાથે જોડાયેલા તમામ લોકો કે જેમણે સમગ્ર વર્ષ દરમિયાન એક ઋષિની જેમ પોતાનું જીવન સોંપી દીધું અને દેશ અને માનવતા સમક્ષ આ રસી રજૂ કરી છે તે તમામને પણ હું વિશેષ સ્વરૂપે અભિનંદન પાઠવું છું. તેમનો આભાર માનું છું. મારી આપ સૌને ખૂબ ખૂબ શુભેચ્છાઓ છે. તમે જલદીથી તેનો લાભ ઉઠાવો. તમે પણ સ્વસ્થ રહો, તમારો પરિવાર પણ સ્વસ્થ રહે, સમગ્ર માનવજાત આ સંકટની પળોમાંથી બહાર આવે અને આપણને સૌને સ્વસ્થતા પ્રાપ્ત થાય એવી શુભેચ્છા સાથે આપ સૌને ખૂબ ખૂબ ધન્યવાદ !



## સ્ટેચ્યુ ઓફ યુનિટીને અવિરત કનેક્ટિવિટી પૂરી પાડતી ૮ ટ્રેનને લીલીઝંડી આપવાના સમારોહમાં પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીનું સંબોધન

**સરદાર સાહેબનું એક ભારત, શ્રેષ્ઠ ભારત માટે તેમનું જે સપનું હતું, જ્યારે ભારતના ખૂણે ખૂણે સ્ટેચ્યુ ઓફ યુનિટીની આ પવિત્ર ધરતી પરથી દેશની અલગ અલગ ભાષાઓ, અલગ અલગ પોશાક પહેરનારા લોકોની આવન-જાવન વધશે ત્યારે દેશની એકતાનું એ દૃશ્ય અને એક પ્રકારે કહીએ તો અહીંયાં આપણને લઘુ ભારત તરીકે નજરે પડશે**






### આજે એક ભારત, શ્રેષ્ઠ ભારતની ખૂબ જ સુંદર તસવીર અહીંયાં નજરે પડી રહી છે

નમસ્કાર, આજે એક ભારત, શ્રેષ્ઠ ભારતની ખૂબ જ સુંદર તસવીર અહીંયાં નજરે પડી રહી છે. આજના આ કાર્યક્રમનું રૂપ અને સ્વરૂપ ખૂબ જ વિશાળ છે, પોતાની રીતે તે ઐતિહાસિક પણ છે.

કદાચ રેલવેના ઇતિહાસમાં પ્રથમ વખત એવું બની રહ્યું છે કે દેશના અલગ અલગ ખૂણેથી એક જ સ્થળે જનારી આટલી ટ્રેનોને એક સાથે લીલીઝંડી બતાવવામાં આવી છે. આખરે કેવડિયા જગ્યા પણ એવી છે, એની ઓળખ દેશને એક ભારત, શ્રેષ્ઠ ભારતનો મંત્ર આપનારા, દેશને સંગઠિત કરનારા, સરદાર પટેલની સૌથી ઊંચી પ્રતિમા, સ્ટેચ્યુ ઓફ યુનિટી સાથે સંકળાયેલી છે. સરદાર સરોવર બંધ સાથે તેની ઓળખ જોડાયેલી છે. આજનું આ આયોજન સાચા અર્થમાં ભારતને એક કરતી અને ભારતીય રેલવેના વિઝન તથા સરદાર વલ્લભભાઈ પટેલના મિશન બંનેને પરિભાષિત કરી રહી છે. અને મને એ બાબતનો આનંદ છે કે આ કાર્યક્રમમાં અલગ અલગ રાજ્યોમાંથી આટલા બધા લોક-પ્રતિનિધિઓ હાજર છે. હું આ પ્રસંગે આપ સૌનો આભાર માનું છું.

આજે કેવડિયા આવવા નીકળનારી ટ્રેનોમાંથી એક ટ્રેન પુરુત્ચી થલાવીયા ડો. એમ. જી. રામચંદ્રન સેન્ટ્રલ રેલવે સ્ટેશનથી પણ આવી રહી છે. એક એ પણ સુખદ સંયોગ છે કે આજે ભારત રત્ન એમજીઆરની જયંતી પણ છે. તેમણે ફિલ્મ સ્ક્રીનથી માંડીને રાજકીય પડદા ઉપર લોકોના દિલ ઉપર રાજ કર્યું હતું. તેમનું જીવન, તેમની રાજનીતિક યાત્રા, ગરીબો માટે સમર્પિત હતી. ગરીબોને સન્માન પ્રાપ્ત થાય તે માટે તેમણે સતત કામ કર્યું હતું. ભારત રત્ન એમજીઆરના આ આદર્શોને પૂરા કરવા માટે આપણે



સૌ પ્રયાસ કરી રહ્યા છીએ. થોડાંક વર્ષો પહેલાં જ દેશે તેમના સન્માનમાં ચેન્નાઈ સેન્ટ્રલ રેલવે સ્ટેશનનું નામ બદલીને એમજીઆરના નામ સાથે જોડી દીધું હતું. હું ભારત રત્ન એમજીઆરને નમન કરું છું અને તેમને શ્રદ્ધાંજલિ આપું છું.

**નવી રેલવે લાઇન હવે કેવડિયાની વિકાસયાત્રામાં નવો અધ્યાય લખવા જઈ રહી છે**

સાથીઓ, જે કેવડિયાનું દેશની દરેક દિશા સાથે સીધી રેલવે કનેક્ટિવિટીથી જોડાણ થઈ રહ્યું છે તે સમગ્ર દેશ માટે એક અદ્ભુત ક્ષણ છે. આપણને ગર્વથી ભરી દે તેવી પળ છે. થોડાક સમય પહેલાં જ ચેન્નાઈ સિવાય વારાણસી, રીવા, દાદર અને દિલ્હીથી કેવડિયા એક્સપ્રેસ અને અમદાવાદથી જનશતાબ્દી એક્સપ્રેસ કેવડિયા આવવા માટે નીકળી છે. આ તરફ કેવડિયા અને પ્રતાપનગરની વચ્ચે મેમૂ સેવા પણ શરૂ થઈ છે. ડભોઈ-ચાંદોદ રેલવે લાઇનને પહોળી કરવાની કામગીરી અને ચાંદોદ-કેવડિયાની વચ્ચે નવી રેલવે લાઇન, હવે કેવડિયાની વિકાસયાત્રામાં નવો અધ્યાય લખવા જઈ રહી છે. અને આજે આ બધા રેલવે કાર્યક્રમો સાથે હું જોડાયો છું ત્યારે જૂની યાદો પણ તાજી થઈ રહી છે. ખૂબ ઓછા લોકોને એ યાદ હશે કે વડોદરા અને ડભોઈ વચ્ચે નેરો-ગેજ રેલવે ટ્રેનથી આપણે મુસાફરી કરતા હતા. મને ઘણી વખત એ ટ્રેનમાં પ્રવાસ કરવાની તક પ્રાપ્ત થઈ છે. અને આ નેરો-ગેજ રેલવેની મજા એ હતી કે તેની સ્પીડ ધીમી રહેતી હતી. જ્યાં પણ ઊતરવું હોય ત્યાં ઊતરી જાઓ અને જ્યાંથી પણ એમાં બેસવું હોય ત્યાંથી બેસી જાઓ, આ બધું ખૂબ જ આરામથી થઈ શકતુ હતું. અને કેટલીક પળોમાં તો આપણે તેની સાથે સાથે ચાલીએ તો એવું લાગતું હતું કે તેના કરતાં આપણી ઝડપ વધારે છે. તો, હું પણ ક્યારેક તેની મજા માણી લેતો હતો. પણ આજે તેનું બ્રોડ-ગેજમાં રૂપાંતર થઈ ગયું છે. આ રેલવે કનેક્ટિવિટીનો લાભ સ્ટેચ્યુ ઓફ યુનિટીને જોવા આવનારા પ્રવાસીઓને તો મળવાનો જ છે, પણ આ કનેક્ટિવિટી કેવડિયાનાં આદિવાસી ભાઈ-બહેનોના જીવનમાં પણ પરિવર્તન લાવનારી બની રહેવાની છે. આ કનેક્ટિવિટી સુવિધાની સાથે સાથે રોજગારી અને સ્વરોજગારની અનેક નવી તકો લઈને પણ આવી રહી છે. આ રેલવે લાઇનમાં નર્મદાના કાંઠા ઉપર વસેલાં કરનાળી, પોઈચા અને ગરૂડેશ્વર જેવાં મહત્ત્વનાં ધાર્મિક સ્થળોને જોડશે. અને એ બાબત પણ સાચી છે કે આ સમગ્ર ક્ષેત્ર એક પ્રકારે કહીએ તો, આધ્યાત્મિક વાઈબ્રેશનથી ભરેલો વિસ્તાર છે. અને આ વ્યવસ્થાને કારણે જે લોકો સામાન્ય રીતે આધ્યાત્મિક કામગીરી માટે અહીં આવતા હતા તેમના માટે તો આ સુવિધા એક ખૂબ મોટી ભેટ-સોગાદ પુરવાર થવાની છે.

**કેવડિયા વિશ્વના સૌથી મોટા પ્રવાસન મથક તરીકે ઊભરી રહ્યું છે. સ્ટેચ્યુ ઓફ યુનિટી જોવા માટે હવે સ્ટેચ્યુ ઓફ લિબર્ટી કરતાં પણ વધુ પ્રવાસીઓ આવી રહ્યા છે**

ભાઈઓ અને બહેનો, આજે કેવડિયા ગુજરાતના દૂરના વિસ્તારમાં વસેલો એક નાનો તાલુકો નથી રહ્યો, પણ કેવડિયા વિશ્વના સૌથી મોટા પ્રવાસન મથક તરીકે ઊભરી રહ્યું છે. સ્ટેચ્યુ ઓફ યુનિટી જોવા માટે હવે સ્ટેચ્યુ ઓફ લિબર્ટી કરતાં પણ વધુ પ્રવાસીઓ આવી રહ્યા છે. કોરોનાના મહિનાઓમાં બધું બંધ રહ્યા પછી પણ આશરે ૫૦ લાખ લોકો સ્ટેચ્યુ ઓફ યુનિટી જોવા આવી પહોંચ્યા છે. કોરોનામાં મહિનાઓ સુધી બધું બંધ રહેવા છતાં પણ ફરી એક વખત પ્રવાસીઓની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે. એક સર્વેમાં એવું અનુમાન વ્યક્ત કરવામાં આવ્યું છે કે જેમ જેમ કનેક્ટિવીટીમાં વધારો થઈ રહ્યો છે તેમ તેમ ભવિષ્યમાં દરરોજ એક લાખ લોકો કેવડિયાની મુલાકાતે આવવા માંડશે.

નાનકડું સુંદર કેવડિયા આ વાતનું ઉત્તમ ઉદાહરણ છે તે કેવી રીતે પ્લાનિંગ કરીને પર્યાવરણની રક્ષા કરતા ઈકોનોમી (Economy) અને ઈકોલોજી (Ecology) બંનેનો ઝડપથી વિકાસ કરી શકાય છે. અહીં આ કાર્યક્રમમાં ઉપસ્થિત કેટલાક મહેમાનો કદાચ કેવડિયા નહીં ગયા હોય, પરંતુ મને વિશ્વાસ છે કે એક વખત કેવડિયાની વિકાસયાત્રા જોયા પછી તમને પણ આપણા દેશની આ અદ્ભુત જગ્યાઓ જોઈને ગર્વ થશે.

**બાળકો હોય, યુવાનો હોય કે વૃદ્ધો હોય, આ તમામને માટે અહીં ઘણું બધું છે**

સાથીઓ, મને યાદ છે કે જ્યારે પ્રારંભમાં કેવડિયાને દુનિયાનું સૌથી સુંદર પારિવારિક પ્રવાસન મથક બનાવવાની વાત કરવામાં આવતી હતી ત્યારે લોકોને એ વાત સપના સમાન લાગતી હતી. લોકો કહેતા હતા કે આવું શકય જ નથી. આવું બની શકે જ નહીં. આવા કામમાં તો અનેક દાયકાઓનો સમય લાગી શકે તેમ છે. ખેર ! જૂની વાતોને આધારે તેમની વાતમાં તર્ક પણ હતો. કેવડિયા સુધી આવવા અને જવા માટે પહોળી સડકો પણ ન હતી કે એટલી સ્ટ્રીટ લાઇટ પણ



ન હતી કે રેલવેની સગવડ પણ ન હતી. પ્રવાસીઓને રોકાવા માટે અહીં સારી વ્યવસ્થા પણ ન હતી. પોતાની ગ્રામ્ય પૃષ્ઠભૂમિમાં કેવડિયા અન્ય નાના ગામડાં જેવું એક ગામડું જ હતું, પણ આજે થોડાંક જ વર્ષોમાં કેવડિયાનો કાયાકલ્પ થઈ ચૂક્યો છે. કેવડિયા પહોંચવા માટે પહોળી સડકો છે, નિવાસ કરવા માટે પૂરું ટેન્ટ સિટી છે. અન્ય સારી સગવડો ઊભી કરવામાં આવી છે. ખૂબ સારી મોબાઈલ કનેક્ટિવિટી છે. સારી હૉસ્પિટલો છે, થોડાક દિવસ પહેલાં જ સી-પ્લેન સર્વિસ પણ શરૂ કરવામાં આવી છે અને આજે આટલા બધા રેલવે રૂટ સાથે કેવડિયા એક સાથે જોડાઈ ગયું છે. આ શહેર એક રીતે કહીએ તો એક સંપૂર્ણ ફેમિલી પેકેજ તરીકે સેવાઓ પૂરી પાડી રહ્યું છે. સ્ટેચ્યુ ઓફ યુનિટી અને સરદાર સરોવર બંધની ભવ્યતા અને તેની વિશાળતાનો અનુભવ આપણને કેવડિયા પહોંચીને જ અનુભવી શકાય તેમ છે. હવે અહીં સેંકડો એકર વિસ્તારમાં ફેલાયેલો સરદાર પટેલ ઝૂલોજિકલ પાર્ક છે, જંગલ સફારી છે. એક તરફ આરોગ્ય અને યોગ ઉપર આધારિત આરોગ્ય વન છે તો બીજી તરફ પોષણ પાર્ક છે. રાતે ઝળહળી ઊઠતું ગ્લો ગાર્ડન છે અને દિવસે જોઈ શકાય તેવું કેક્ટસ ગાર્ડન અને બટરફ્લાય ગાર્ડન છે. પ્રવાસીઓને ફરવા માટે એકતા ક્રૂઝ છે, તો બીજી તરફ નવયુવાનોને સાહસ દર્શાવવા માટે રાફ્ટીંગની વ્યવસ્થા પણ અહીં કરવામાં આવી છે. આનો અર્થ એ કે બાળકો હોય, યુવાનો હોય કે વૃદ્ધો હોય, આ તમામને માટે અહીં ઘણું બધું છે. અહીંના લોકોના જીવનમાં ઝડપથી આધુનિક સુવિધાઓ પહોંચી રહી છે. કોઈ મેનેજર બની ગયા છે તો કોઈ કાફે માલિક બની ગયા છે. કોઈ ગાઈડનું કામ કરવા લાગ્યા છે. મને યાદ છે કે જયારે હું ઝૂલોજીકલ પાર્કમાં પક્ષીઓ જોવા માટે ગયો હતો ત્યારે વિશેષ એવિયરી ડોમમાં ગયો હતો તો ત્યાં એક સ્થાનિક મહિલા ગાઈડે મને ખૂબ જ વિસ્તાર સાથે જાણકારી પૂરી પાડી હતી. આ ઉપરાંત કેવડિયાની સ્થાનિક મહિલાઓ માટે બનાવવામાં આવેલા એક વિશિષ્ટ એકતા મૉલમાં મહિલાઓને પોતાની હસ્તકલાનો સામાન વેચવાની તક મળી રહી છે. કેવડિયાનાં આદિવાસી ગામોમાં ૨૦૦ કરતાં વધુ રૂમની ઓળખ કરીને પ્રવાસીઓના હોમ સ્ટે માટે તેને વિકસિત કરવામાં આવી રહ્યા છે.


ભાઈઓ અને બહેનો, કેવડિયામાં જે રેલવે સ્ટેશન બનાવવામાં આવ્યું છે તેમાં સુવિધાની સાથે સાથે પ્રવાસીઓનું પણ ધ્યાન રાખવામાં આવ્યું છે. અહીંયાં આદિવાસી આર્ટ ગેલેરી અને એક વ્યૂઈંગ ગેલેરી પણ બનાવવામાં આવી રહી છે. આ વ્યૂઈંગ ગેલેરીમાંથી પ્રવાસીઓ સ્ટેચ્યુ ઓફ યુનિટી જોઈ શકશે.

**અમદાવાદ-કેવડિયા જનશતાબ્દી એક્સપ્રેસનો પણ એવી ટ્રેનોમાં સમાવેશ થશે કે જેમાં "વિસ્ટા-ડોમ-કોચ"ની સુવિધા પ્રાપ્ત થવાની છે**

સાથીઓ, એક પ્રકારે કહીએ તો આ લક્ષ્ય એક કેન્દ્રિત પ્રયાસ તરીકે ભારતીય રેલવેના બદલાતા જતા સ્વરૂપનું ઉદાહરણ પણ છે. ભારતીય રેલવે પરંપરાગત રીતે મુસાફરી અને માલગાડી તરીકેની પોતાની ભૂમિકા બજાવવાની સાથે સાથે એક મહત્ત્વના પ્રવાસન અને ધાર્મિક સ્થળ સાથે જોડાયેલી સર્કિટને સીધી કનેક્ટિવિટી પૂરી પાડી રહી છે. હવે તો અનેક રૂટ ઉપર વિસ્ટાડોમવાળા કોચ ભારતીય રેલવેની યાત્રાને વધુ આકર્ષક બનાવવાના છે. અમદાવાદ-કેવડિયા જનશતાબ્દી એક્સપ્રેસનો પણ એવી ટ્રેનોમાં સમાવેશ થશે કે જેમાં "વિસ્ટા-ડોમ-કોચ"ની સુવિધા પ્રાપ્ત થવાની છે.

**વીતેલાં વર્ષોમાં દેશમાં સમગ્ર રેલવે તંત્રમાં વ્યાપક પરિવર્તન લાવવા માટેનું કામ કરવામાં આવ્યું છે**

સાથીઓ, વીતેલાં વર્ષોમાં દેશમાં રેલવેની માળખાગત સુવિધાઓને આધુનિક બનાવવા માટે જેટલું કામ થયું છે તે અભૂતપૂર્વ છે. આઝાદી પછી આપણી વધુ ઊર્જા અગાઉ જે રેલવે વ્યવસ્થા હતી તેને વ્યવસ્થિત કરવામાં અથવા તો સુધારવામાં કામે લગાડવામાં આવી હતી. આ દરમ્યાન નવી વિચારધારા અને નવી ટેક્નોલોજી બાબતે ખૂબ ઓછું ધ્યાન આપવામાં આવી રહ્યું હતું. આ અભિગમ બદલવાનું ખૂબ જ જરૂરી હતું અને એટલા માટે જ વીતેલાં વર્ષોમાં દેશમાં સમગ્ર રેલવે તંત્રમાં વ્યાપક પરિવર્તન લાવવા માટેનું કામ કરવામાં આવ્યું છે. આ કામ માત્ર બજેટ વધારવાનું કે ઘટાડવાનું નથી, નવી ટ્રેનોની જાહેરાત કરવી એટલા સુધી જ તે સીમિત નથી. આ પરિવર્તન અનેક મોરચા ઉપર એક સાથે થયું છે. હવે કેવડિયાને રેલવે સાથે જોડવા માટેના આ પ્રોજેક્ટનું જ ઉદાહરણ જોઈએ તો તેના નિર્માણમાં, હમણાં જે રીતે વીડિયોમાં બતાવવામાં આવ્યું તે રીતે મોસમે, કોરોનાની મહામારીએ તથા અનેક પ્રકારના અવરોધોએ ભાગ ભજવ્યો છે, પરંતુ વિક્રમ સમયમાં આ કામ પૂરું કરવામાં આવ્યું છે. આ ગાળા દરમિયાન ટ્રેકથી માંડીને પુલના નિર્માણ સુધી નવી ટેક્નીક ઉપર ધ્યાન કેન્દ્રિત કરવામાં



આવ્યું હતું. સ્થાનિક સ્તરે ઉપલબ્ધ સાધનોનો પણ ઉપયોગ કરવામાં આવ્યો હતો. સિગ્નલીંગનું કામ ઝડપી બનાવવા વર્ચ્યુઅલ મોડને આધારે ટેસ્ટ કરવામાં આવ્યો હતો, જ્યારે અગાઉની સ્થિતિમાં અનેક અવરોધો આવવાના કારણે અનેક યોજનાઓ લટકી રહેતી હતી તેને બદલે આ યોજના ઝડપભેર હાથ ધરવામાં આવી છે.

**૧૧૦૦ કિ.મી.નું કામ પૂરું થવામાં છે**

સાથીઓ, ડેડીકેટેડ ફ્રેઈટ કોરિડોરનો પ્રોજેક્ટ પણ આપણા દેશમાં અગાઉ જે રીતે ચાલી રહ્યો હતો તેનું એક ઉદાહરણ માની લઈએ તો પૂર્વ અને પશ્ચિમી ડેડીકેટેડ ફ્રેઈટ કોરિડોરના એક મોટા સેક્શનનું લોકાર્પણ કરવાની મને થોડા દિવસ પહેલા તક પ્રાપ્ત થઈ હતી. દેશ માટે જરૂરી આ પ્રોજેક્ટસ ઉપર વર્ષ ૨૦૦૬થી શરૂ કરીને એટલે કે વર્ષ ૨૦૧૪ સુધીના ૮ વર્ષમાં માત્ર કાગળ ઉપર જ કામ થયું હતું. વર્ષ ૨૦૧૪ સુધી એક કિલોમીટર ટ્રેક પણ લગાવવામાં આવ્યો ન હતો, જ્યારે તે પછીના થોડાક જ મહિનાઓમાં બધું મળીને ૧૧૦૦ કિ.મી.નું કામ પૂરું થવામાં છે.

**કેવડિયા રેલવે સ્ટેશન એ ભારતનું એવું પ્રથમ રેલવે સ્ટેશન છે કે જેને પ્રારંભથી જ ગ્રીન બિલ્ડિંગ તરીકે સર્ટિફિકેશન પ્રાપ્ત થયું છે**

સાથીઓ, દેશમાં રેલવે નેટવર્કના આધુનિકીકરણની સાથે સાથે આજે દેશના અનેક ભાગોને રેલવે સાથે જોડવામાં આવી રહ્યા છે. આ એવા વિસ્તારો છે કે જે રેલવે સાથે જોડાયેલા ન હતા. આજે અગાઉની તુલનામાં ખૂબ જ ઝડપથી જૂના રેલવે રૂટને પહોળા કરવાનું અને વીજળીકરણનું કામ કરવામાં આવી રહ્યું છે. રેલવે ટ્રેકને વધુ ઝડપ માટે સક્ષમ બનાવવામાં આવી રહ્યા છે અને આ કારણે જ દેશમાં સેમી-હાઈસ્પીડ ટ્રેન ચલાવવાનું શક્ય બની રહ્યું છે. અને આપણે હાઈસ્પીડ ટ્રેક અને ટેક્નોલોજી તરફ ઝડપથી આગળ ધપી રહ્યા છીએ. આ બધાં કામો માટે બજેટમાં અનેકગણો વધારો કરવામાં આવ્યો છે એટલું જ નહીં, રેલવે પર્યાવરણલક્ષી બને તે માટે આ બધું સુનિશ્ચિત કરવામાં આવી રહ્યું છે. કેવડિયા રેલવે સ્ટેશન એ ભારતનું એવું પ્રથમ રેલવે સ્ટેશન છે કે જેને પ્રારંભથી જ ગ્રીન બિલ્ડિંગ તરીકે સર્ટિફિકેશન પ્રાપ્ત થયું છે.

ભાઈઓ અને બહેનો, રેલવેના ઝડપથી આધુનિકીકરણ માટે રેલવે મેન્યુફેક્ચરીંગ અને રેલવે ટેક્નોલોજીમાં આત્મનિર્ભરતા ઉપર આપણે ભાર મૂકી રહ્યા છીએ. તેની ઉપર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છીએ તે પણ છે. વીતેલાં વર્ષોમાં આ દિશામાં જે કામ થયું છે તેનું પરિણામ હવે ધીરે ધીરે આપણી સામે દેખાઈ રહ્યું છે. હવે વિચાર કરો, જો આપણે ભારતમાં વધુ હોર્સ પાવર ધરાવતા ઈલેક્ટ્રિક લોકોમોટિવનું ઉત્પાદન ના કરતા હોત તો દુનિયાની પ્રથમ ડબલ સ્ટેક લોન્ગ હોલ કન્ટેનર ટ્રેન શું ભારત ચલાવી શકત? આજે ભારતમાં જ બનેલી એકથી એક આધુનિક ટ્રેનો ભારતીય રેલવેનો હિસ્સો બની રહી છે.

**વડોદરામાં ભારતની પ્રથમ ડીમ્ડ રેલવે યુનિવર્સિટીની સ્થાપના પાછળ પણ આ જ ઈરાદો કામ કરતો હતો**

ભાઈઓ અને બહેનો, આજે આપણે જ્યારે ભારતીય રેલવેના પરિવર્તન તરફ આગળ ધપી રહ્યા છીએ ત્યારે ઉચ્ચ કૌશલ્ય ધરાવતું વિશિષ્ટ માનવબળ અને પ્રોફેશનલ્સ પણ ખૂબ જ જરૂરી બની રહે છે. વડોદરામાં ભારતની પ્રથમ ડીમ્ડ રેલવે યુનિવર્સિટીની સ્થાપના પાછળ પણ આ જ ઈરાદો કામ કરતો હતો. રેલવે માટે એક પ્રકારની ઉચ્ચ શૈક્ષણિક સંસ્થા બનાવનાર ભારતનો સમાવેશ દુનિયાના ગણ્યાગાંઠ્યા દેશોમાં થઈ રહ્યો છે. રેલવે ટ્રાન્સપોર્ટ હોય કે મલ્ટી ડિસિપ્લિનરી રિસર્ચ હોય, ટ્રેનિંગ હોય કે દરેક પ્રકારની આધુનિક સુવિધા હોય, આ તમામ બાબતો ઉપલબ્ધ કરવામાં આવી રહી છે. ૨૦ રાજ્યોના સેંકડો પ્રતિભાશાળી યુવાનો ભારતીય રેલવેના વર્તમાન અને ભવિષ્યને બહેતર બનાવવા માટે પોતાને તાલીમ આપી રહ્યા છે. અહીંયાં થનારા ઈનોવેશન્સ અને સંશોધનથી ભારતીય રેલવેને આધુનિક બનાવવામાં વધુ મદદ પ્રાપ્ત થશે. ભારતની પ્રગતિની ટ્રેકને ભારતીય રેલવે ગતિ આપતી રહેશે. આવી શુભેચ્છા સાથે ફરી એક વખત ગુજરાત સહિત સમગ્ર દેશને આ નવી રેલવે સુવિધા માટે ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું અને સરદાર સાહેબનું એક ભારત, શ્રેષ્ઠ ભારત માટે તેમનું જે સપનું હતું, જ્યારે ભારતના ખૂણે ખૂણે સ્ટેચ્યુ ઓફ યુનિટીની આ પવિત્ર ધરતી પરથી દેશની અલગ અલગ ભાષાઓ, અલગ અલગ પોશાક પહેરનારા લોકોની આવન-જાવન વધશે ત્યારે દેશની એકતાનું એ દૃશ્ય અને એક પ્રકારે કહીએ તો અહીંયાં આપણને લઘુ ભારત તરીકે નજરે પડશે. આજે કેવડિયા માટે ઘણો વિશેષ દિવસ છે. દેશની એકતા અને અખંડતા માટેના જે નિરંતર પ્રયાસો ચાલી રહ્યા છે તેમાં આ એક નવો અધ્યાય છે. હું ફરી એક વખત સૌને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું. ખૂબ ખૂબ ધન્યવાદ !



# રસ્તાઓ બન્યા વિકાસનો રાજમાર્ગ




## આ રહ્યાં સમૃદ્ધિના માર્ગે દોરી જતાં રસ્તાઓ

**મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના :**
**ગામડાંઓના વિકાસની આધારશિલા**

- આ યોજના હેઠળ પાછલાં ૫ વર્ષમાં ૫૨૯૪૧ કિ.મી. લંબાઈના ૨૦૨૬૩ કામો મંજૂર, રૂ. ૧૬૭૧૩ કરોડ મંજૂર થયા.
- જે પૈકી ૨૭૦૬૪ કિ.મી. લંબાઈના ૧૦૩૯૯ રસ્તાઓનું કામ પાછલાં ૫ વર્ષમાં રૂ. ૬૮૩૫ કરોડના ખર્ચે પૂર્ણ.
- રૂ. ૧,૬૭૧ કરોડના ૬૬૧૬ કિ.મી. લંબાઈના ૨૭૦૫ રસ્તાઓના કામો પ્રગતિમાં.

**પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના :**
**ગ્રામવિસ્તાર મજબૂત, તો દેશ મજબૂત**

- ગ્રામવિસ્તારના કુલ ૧૨૭૨૮ કિ.મી. લંબાઈના ૪૫૭૧ રસ્તાઓના બાંધકામ, સુધારણા, મજબૂતીકરણની કામગીરી રૂ. ૩૩૭૬.૨૫ કરોડના ખર્ચે પૂર્ણ કરેલ છે.
- ગ્રામવિસ્તારના કુલ ૩૦૧૬ કિ.મી. લંબાઈના ૩૦૪ રસ્તાઓ પહોળા તથા મજબૂત કરવા માટેનાં કામો રૂ. ૧૭૫૦.૬૨ કરોડના ખર્ચે હાથ ધરવામાં આવેલ છે.
- ચાલુ વર્ષે રૂ.૧૭૯૦ કરોડનાં કામો હાથ ધરવામાં આવશે.

**ગુજરાતમાં રસ્તાઓ ખોલી રહ્યા છે વિકાસના રસ્તા...**
**રેલવે ઓવરબ્રિજ : ફાટકમુક્ત ગુજરાતનો સંકલ્પ**

- રૂ. ૮૭૩.૦૯ કરોડના ખર્ચે ૨૯ રેલવે ઓવરબ્રિજનું પાછલાં ૫ વર્ષમાં નિર્માણ કરાયું.
- રૂ. ૩૨૫૬.૮૩ કરોડના ખર્ચે ૭૫ રેલવે ઓવરબ્રિજનું કામ પ્રગતિમાં.
- રાજ્યમાં બીજા ૬૮ રેલવે ઓવરબ્રિજ માટે રૂ. ૩૪૦૦ કરોડ મંજૂર કર્યા.

**સ્ટેટ હાઈ-વે : સલામતી, સુરક્ષા અને ઝડપનો સમન્વય**

- ૩૩૫૬ કિ.મી. લંબાઈના રાજ્યમાર્ગોને રૂ. ૬૨૬૨ કરોડના ખર્ચે પાછલાં ૫ વર્ષમાં ૬ માર્ગીય, ૪ માર્ગીય, ૧૦ મી., ૭ મી. પહોળા કર્યા.
- ૨૬૫૬ કિ.મી. લંબાઈના રસ્તાઓને ૬ માર્ગીય, ૪ માર્ગીય, ૧૦ મી., ૭ મી. પહોળા કરવાની કામગીરી પ્રગતિમાં.

**નેશનલ હાઈવે : રાષ્ટ્રીય વિકાસના રાજમાર્ગો**


- ૧૦૦૭.૨૮ કિ.મી. લાંબા નેશનલ હાઈવેનું પાછલાં ૫ વર્ષમાં રૂ. ૫૦૦૧.૬૬ કરોડના ખર્ચે માર્ગ અને મકાન વિભાગ દ્વારા નિર્માણ કરાયું.

**પુલ અને ફ્લાયઓવર :**
**સર્વાંગી વિકાસનું અતૂટ જોડાણ**

- છેલ્લાં ૫ વર્ષમાં ૬૭ મોટા પુલોનું રૂ. ૪૬૩ કરોડના ખર્ચે કરાયું નિર્માણ. રાજ્યમાં રૂ. ૧૦૪૪ કરોડના ખર્ચે ૪૪ મોટા પુલોનાં કામો પ્રગતિમાં. રાજ્યના ભારે ટ્રાફિકવાળાં વિવિધ ૧૨ જંક્શન ઉપર રૂ. ૮૦૩ કરોડના ખર્ચે ૧૨ પુલોનાં કામો મંજૂર-આયોજન હેઠળ.

**યાત્રાધામો : વાહન સાથે યાત્રાળુઓની પણ સલામતી**

- પવિત્ર યાત્રાધામો ડાકોર, અંબાજી, પાલિતાણા અને પાવાગઢને જોડતા કુલ ૩૭૧ કિ.મી. રસ્તાઓની લંબાઈને અંદાજિત રૂ. ૧૪૫૨ કરોડના ખર્ચે પદયાત્રીઓને ચાલવાની સુવિધા સહિત ચાર માર્ગીય કરવા મંજૂરી.
- ૩૨૭.૪૦ કિ.મી. લંબાઈની કામગીરી પૂર્ણ, ૪૩.૬૦ કિ.મી. લંબાઈની કામગીરી પ્રગતિમાં.
- અમદાવાદ-શંખેશ્વર રસ્તા પર રૂ. ૧૬ કરોડના ખર્ચે પગદંડીનું નિર્માણ પ્રગતિમાં, રસ્તાઓ પર પદયાત્રીઓની સલામતી અને સુવિધા માટે પગદંડીનો સમાવેશ.



# વાવણીથી વેચાણ સુધી
# ખેડૂતોની પડખે
# ભાજપ સરકાર
## ખેડૂતોને ૦%ના વ્યાજે
## મળી રહ્યું છે કૃષિધિરાણ



**નિર્ણાયક નેતા**
**મજબૂત સરકાર**

### પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના

- આ યોજના હેઠળ ખેડૂતોને દર વર્ષે મળી રહી છે રૂ. ૬૦૦૦ની સહાય, અત્યાર સુધી ૫૭.૩૫ લાખ ખેડૂતોને રૂ. ૬૧૬૫.૬૩ કરોડની સહાય ચૂકવાઈ.

### કૃષિ ઉપકરણો પર સહાય

- ખેતીમાં આધુનીકરણ લાવવા માટે કૃષિને લગતાં સાધનો ઉપર ખેડૂતોને મળી રહી છે સહાય.

### વાવણી પછી સિંચાઈની વ્યવસ્થા

- દરેક ખેતર સુધી પહોંચાડાઈ રહ્યાં છે વીજળી અને પાણી.
- સુજલામ્ સુફલામ્ યોજનાથી ઉત્તર ગુજરાત, કચ્છ અને સુરેન્દ્રનગરના ખેડૂતોને મળી રહ્યો છે સિંચાઈનો લાભ.
- સૌની યોજનાથી સૌરાષ્ટ્રને મળી રહ્યો છે સિંચાઈનો લાભ.
- આદિવાસી વિસ્તારોમાં લિફ્ટ ઈરિગેશન યોજનાથી સિંચાઈ માટે પહોંચી રહ્યું છે પાણી.
- વર્ષ ૨૦૦૧-૦૨માં ગુજરાતમાં કુલ ૩૫.૭૩ લાખ હેક્ટર ભૂમિ ઉપર સિંચાઈની સુવિધા ઉપલબ્ધ હતી, જે વધીને ૨૦૨૦માં ૭૪.૬૦ લાખથી વધુ હેક્ટર સુધી પહોંચી.

### કિસાન સૂર્યોદય યોજના

- ખેડૂતોના રાતના ઉજાગરા થયા બંધ, ખેડૂતોને સિંચાઈ માટે દિવસે જ મળી રહી છે વીજળી.

### તૈયાર થયેલા પાક ઉપર કુદરતી આફત આવે ત્યારે ખેડૂતને થતું નુકસાન ત્યારે સરકારે ચૂકવ્યું યોગ્ય વળતર

- વર્ષ ૨૦૧૭માં ૧૫ જિલ્લાઓમાં અતિવૃષ્ટિથી અસરગ્રસ્ત ૭.૬૯ લાખ ખેડૂતોને વળતર પેટે રૂ. ૧,૭૦૬ કરોડની સહાય ચૂકવાઈ, વર્ષ ૨૦૧૮માં અતિવૃષ્ટિ/ઓછા વરસાદના કિસ્સામાં ૧૭.૫૯ લાખથી વધુ ખેડૂતોને રૂ.



૧,૬૭૮ કરોડની સહાય ચૂકવાઈ, વર્ષ ૨૦૧૯માં કમોસમી વરસાદથી થયેલા નુકસાન સામે ૩૨.૦૪ લાખ ખેડૂતોને રૂ. ૨,૪૭૮.૪૯ કરોડની સહાય ચૂકવાઈ. ચાલુ નાણાકીય વર્ષે અતિવૃષ્ટિ સામે વળતર પેટે અત્યાર સુધીમાં રૂ. ૨૮૭૩.૪૩ કરોડની ચુકવણી.

### મુખ્યમંત્રી કિસાન સહાય યોજના

- કોઈ પણ પ્રીમિયમ ભર્યા વગર જો કુદરતી આપત્તિના કારણે ખેડૂતોના પાકને નુકસાન થાય ત્યારે ખેડૂતોને સહાય આપતી અને રાજ્યના બધા ખેડૂતોને આવરી લેતી યોજના.

### પાકના વેચાણ માટેની વ્યવસ્થા : ટેકાના ભાવે ખેડૂતોના પાકની થઈ રહી છે ખરીદી

- પાછલાં ૪ વર્ષમાં ટેકાના ભાવે રૂ. ૧૬૦૦૦ કરોડથી વધુ ખેતપેદાશોની થઈ ખરીદી.
- રાજ્યમાં એપીએમસીને વધુ મજબૂત કરાઈ.

### સાત પગલાં ખેડૂત કલ્યાણ યોજના, ખેડૂતોની આવક બમણી કરવા માટેની દિશામાં મોટાં પગલાં

- આ યોજના હેઠળ રૂ. ૭૧૨ કરોડની જોગવાઈ કરવામાં આવી.



# શિક્ષણ, સ્વાસ્થ્ય, સુરક્ષા કે રોજગાર મહિલાઓના હિત માટે પ્રતિબદ્ધ ભાજપ સરકાર

**મહિલાઓનું સશક્તિકરણ એ ગુજરાત સરકારની સર્વોચ્ચ પ્રાથમિકતા**



**નિર્ણાયક નેતા મજબૂત સરકાર**

### મહિલાઓનું શૈક્ષણિક સશક્તિકરણ-કન્યા કેળવણીની દિશામાં આગેકદમ

- **વ્હાલી દીકરી યોજના :** દીકરીઓનો જન્મદર વધે, ડ્રોપઆઉટ રેશિયો ઘટે તે હેતુથી દીકરીને પ્રથમ ધોરણમાં પ્રવેશ વખતે રૂ. ૪૦૦૦, નવમા ધોરણમાં પ્રવેશ વખતે રૂ. ૬૦૦૦ અને ૧૮ વર્ષની ઉંમરે ઉચ્ચશિક્ષણ/લગ્નમાં રૂ. ૧,૦૦,૦૦૦ની સહાય.
- **બેટી બચાવો બેટી પઢાવો :** આ સામાજિક અભિયાન દ્વારા દીકરીનો જન્મદર વધે, દીકરીઓમાં માધ્યમિક શિક્ષણનો દર વધે, સ્વાસ્થ્ય અને સુરક્ષા માટેનાં પરિણામલક્ષી પગલાં.
- **કસ્તૂરબા ગાંધી વિદ્યાલય :** રેસિડેન્શિઅલ હોસ્ટેલ કમ સ્કૂલોમાં અભ્યાસ કરતી ૧૫૦૦૦ કન્યાઓ માટે વિનામૂલ્યે રહેવા તથા ભોજનની વ્યવસ્થા સુનિશ્ચિત.
- **મુખ્યમંત્રી કન્યા કેળવણી નિધિ યોજના** અન્વયે MBBS માં અભ્યાસ કરતી ૫૧૧૧ વિદ્યાર્થિનીઓને રૂ. ૧૬૬.૭૧ કરોડની સહાય.

### સ્વરોજગાર દ્વારા મહિલાઓનું આર્થિક સશક્તિકરણ

- મહિલાઓના સામાજિક અને આર્થિક ઉત્થાન માટેનો ક્રાંતિકારી નિર્ણય. ૧૦ લાખ મહિલાઓને ૦% વ્યાજે રૂ. ૧૦૦૦ કરોડ સુધીનું ધિરાણ અપાશે. ૧૦ મહિલાઓનું ૧ જૂથ એમ કુલ ૧ લાખ મહિલા જૂથોને ૧ લાખ રૂપિયાનું ધિરાણ.
- સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં ૫૦ ટકા મહિલા આરક્ષણ અને સરકારી નોકરીઓમાં ૩૩ ટકા બેઠકો મહિલાઓ માટે.
- **વર્કિંગ વુમન હોસ્ટેલ :** રાજ્યમાં કુલ ૧૫ વર્કિંગ વુમન હોસ્ટેલ કાર્યરત : બોટાદ, સુરત અને ભરૂચ જિલ્લામાં હોસ્ટેલનું કામ પ્રગતિમાં.
- ગંગાસ્વરૂપ આર્થિક સહાય યોજના હેઠળ અંદાજિત ૮ લાખ વિધવા બહેનોને ૧૨૫૦ રૂપિયાની પ્રતિ માસ સહાય.
- **મહિલાઓનું જીવન ધુમાડામુક્ત બનાવ્યું :** રાજ્યનાં ૨૫ લાખ ઘરોને ઉજ્જ્વલા યોજના અંતર્ગત નિઃશુલ્ક રાંધણગેસના કનેક્શન આપવામાં આવ્યાં.
- નલ સે જલ યોજના અંતર્ગત ૮૦% ઘરોમાં સીધું પાણી પહોંચાડ્યું.
- ગ્રામ મહિલાઓના સર્વાંગી વિકાસ અને સશક્તિકરણ માટે તાલુકા અને જિલ્લાકક્ષાએ મહિલા શક્તિ કેન્દ્રો શરૂ કરવામાં આવ્યાં. રાજ્યના ૨૬ જિલ્લાઓમાં આ કેન્દ્રો કાર્યરત.
- **૧૮૧ અભયમ્ હેલ્પલાઈન :** એક ફોન કોલ અને મહિલાની સુરક્ષા માટે પોલીસ હાજર.
- **વન સ્ટોપ સેન્ટર :** પીડિત મહિલાને એક જ જગ્યાએ (૨૪ x ૭) મળી રહી છે કાયદાકીય સહાય, પોલીસ સહાય, તબીબી સહાય, સામાજિક સમસ્યામાં પરામર્શ સેવા.
- ચેઈન સ્નેચિંગ પર કડક કાયદો લાવ્યા, દારૂબંધીને વધુ કડક કરતો કાયદો લાગુ કરાયો.
- બળાત્કારીઓને કડકમાં કડક સજા મળે તે માટે કાયદો બનાવ્યો
- **પોલીસ સ્ટેશન બેઈઝ સપોર્ટ સેન્ટર :** ઘરેલું હિંસા અને અન્ય સમસ્યાઓથી પીડિત અને જરૂરિયાતમંદ મહિલાઓને કાઉન્સેલીંગ માટે ૩૩ જિલ્લાઓમાં ૬૫ સેન્ટર કાર્યરત
- **મહિલા સેલ્ફ ડિફેન્સ ટ્રેનિંગ :** આત્મસુરક્ષા માટે મહિલાઓને અપાઈ રહી છે તાલીમ
- **નારી અદાલત :** ગુજરાત સરકાર દ્વારા ૨૭૦ નારી અદાલતોની સ્થાપના કરવામાં આવી છે. જેના દ્વારા ૧૨૪૭૭ કેસનું સમાધાન કરવામાં આવ્યું છે.
- રાજ્યના ૩૪ જિલ્લા મુખ્ય મથકો, ૬ પવિત્ર યાત્રાધામો અને સ્ટેચ્યૂ ઓફ યુનિટી મળી કુલ ૪૧ સ્થળોએ ૧૨૩૮ જંક્શનો ઉપર ૭૦૦૦થી વધુ CCTV કેમેરાનું નેટવર્ક.
- એન્ટી સાઈબર બિલિંગ યુનિટની સ્થાપનાથી મહિલાઓને સાયબર બુલિંગથી રાહત.

### સ્વાસ્થ્ય અને પોષણ : સશક્ત મહિલા, સુપોષિત ગુજરાત

- પૂરક પોષણ યોજના, પ્રધાનમંત્રી માતૃવંદના યોજના, બાલસખા યોજના, કસ્તૂરબા પોષણ સહાય યોજના, પૂર્ણા યોજના જેવી વિવિધ યોજનાઓ થકી ધાત્રી માતા અને બાળકોને પોષણયુક્ત આહાર મળે અને મહિલાઓ રોગમુક્ત રહે તેના માટે સરકાર ખડે પગે.
- **દૂધ સંજીવની યોજના :** છેલ્લાં ૪ વર્ષમાં આંગણવાડી અને પ્રાથમિક શાળાનાં બાળકો, ધાત્રી માતાઓ સહિત અંદાજિત ૪૩ લાખ લાભાર્થીઓને ફ્લેવર્ડ દૂધ.
- ૩૩.૫૦ લાખ ગ્રામ્ય અને ૫ લાખ શહેરી વિસ્તારમાં કુલ ૩૮.૫૦ લાખ શૈચાલયો નિર્માણ કરીને ગુજરાત ODF રાજ્ય જાહેર, જેનો નારી-સમ્માન અને નારી-સ્વાસ્થ્ય સથે સીધા નાતો છે.

# ડિજિટલ ગુજરાત
## સરકારી સેવાઓ
## વધુ પારદર્શક
## વધુ ઝડપી



### ભાજપ સરકારના ૪ મહત્ત્વપૂર્ણ સ્તંભમાંનો એક સ્તંભ પારદર્શકતા છે. ડિજિટલાઇઝેશનથી આ સ્તંભ વધુ મજબૂત થયો છે



**ગ્રામ્ય ગુજરાતની ડિજિટલ ક્રાંતિ**

- પહેલાં જે સરકારી વહીવટી સેવાઓના કામ માટે જિલ્લા-તાલુકા મથકે જવું પડતું હતું તે કામ હવે ગ્રામ પંચાયતમાં જ ઓનલાઇન થઈ રહ્યાં છે.
- એફિડેવિટ કરવાની સત્તા ગ્રામ પંચાયત કક્ષાએ તલાટી-કમ-મંત્રીને આપવામાં આવી.
- આવકનો દાખલો, રેશનકાર્ડની સેવાઓ, ૭/૧૨ અને ૮/અ ના ઉતારા જેવી ૨૨થી વધુ સરકારી સેવાઓનો લાભ ગ્રામ પંચાયત કક્ષાએ જ સફળતાથી મળશે.

**RTOની સુવિધા ઓનલાઇન :**

- વાહનોની નોંધણી, ડ્રાઇવિંગ લાઇસન્સનું રિન્યુઅલ, ડુપ્લિકેટ આર.સી. જેવી મોટાભાગની સુવિધાઓ ઓનલાઇન ઉપલબ્ધ. જેનાથી ૪૫ લાખ લોકોને આર.ટી.ઓ. કચેરીના ધક્કા ખાવાથી મળશે મુક્તિ.

**મહેસૂલ વિભાગની સુવિધાઓ ઓનલાઇન**

- જમીન NA કરાવવી, NOC, વારસાઈ, ખેડૂત ખાતેદારોની ખરાઈ જેવી મહેસૂલ વિભાગની ૨૩ સેવાઓ IORA પર ઓનલાઈન ઉપલબ્ધ. મહેસૂલી સેવાઓ કોઈ પણ જાતના ભ્રષ્ટાચાર વગર ઓનલાઈન ઝડપથી મળતી થઈ.

**બાંધકામની પરવાનગી ઓનલાઇન**

- રાજ્યમાં ઓનલાઈન ડેવલપમેન્ટ પરમિશન સિસ્ટમ (ODPS) અને ODPS 2.0 થી ઝડપી બાંધકામની ઓનલાઈન પરમિશન ઉપલબ્ધ. ડેવલપમેન્ટની કામગીરી માટેની મંજૂરીની આંટીઘૂટી સરળ બની અને ભ્રષ્ટાચારનો અવકાશ શૂન્ય બન્યો.

**ઓનલાઇન હરાજી**

- ખાણ-ખનિજોની લીઝની ઓનલાઇન હરાજી, ડ્રોન ટેકનોલોજીના ઉપયોગથી ગેરકાયદેસર ભૂ-ખનન રોકવા બાજનજર. ભૂ-ખનન માફિયાઓ પર અંકુશ લાગ્યો.

**ઓનલાઇન હાજરી**

- રાજ્યની તમામ શાળાઓના શિક્ષકોની ઓનલાઈન હાજરીની વ્યવસ્થા કરાઈ, શિક્ષણકાર્ય નિયમિત થયું. શાળામાં શિક્ષકો અને શિક્ષણકાર્ય નિયમિત બન્યું.

**DBT દ્વારા સીધા ખાતામાં પૈસા**

- સરકારની જનહિતલક્ષી યોજનાઓના લાભાર્થીઓને DBT દ્વારા સીધા ખાતામાં પૈસા, જેનાથી સરકારે મોકલેલા પૈસા કોઈ પણ વચેટિયા વગર સીધા લાભાર્થીને મળી રહ્યા છે.

**CM ડેશબોર્ડ દ્વારા ૩૦૦૦થી વધુ ઇન્ડિકેટર્સથી વિવિધ વિભાગોની કામગીરી તેમજ યોજનાઓ પર મુખ્યમંત્રીશ્રીની સીધી નજર**

- લોકડાઉનના સમયમાં ડેશબોર્ડ દ્વારા કોવિડને લગતી વ્યવસ્થાઓ પર મુખ્યમંત્રી નજર રાખી શક્યા, વિવિધ યોજનાઓને લઈને જનતાના અભિપ્રાય સીધા મુખ્યમંત્રી સુધી પહોંચ્યા. પાછલા ૧૧ માસમાં ૨ લાખથી વધુ નાગરિકો સાથે સંવાદ કરવામાં આવ્યો.

REGD. NO. GAMC 563/2021-23 VALID UP TO 31-12-2023 RNI NO. 38397/81 MANOGAT LICENCED TO POST WITHOUT PREPAYMENT NO. PMG/NG/077/2021-23 VALID UP TO 31-12-2023 PUBLISHED ON 10th & 25th OF EVERY MONTH AND PERMITTED AT PSO PATRIKA CHANNEL, AHMEDABAD-2 ON EVERY 12/13/14 & 27/28/29 THE Ev

## પ્રદેશ પ્રમુખ શ્રી સી. આર. પાટીલ અને પ્રદેશ સંગઠન મહામંત્રી શ્રી ભીખુભાઈ દલસાણિયા સાથે નવા પ્રદેશ હોદ્દેદારોની શ્રી કમલમ્ ખાતેની તસવીર



**Editor : Publishers :**
Surendrabhai Motilal Patel
on Behalf of
Bharatiya Janta Party-Gujarat Pradesh
Published From
Bharatiya Janta Party-Gujarat Pradesh
J. P. Chowk, Khanpur, Ahmedabad-380001.